dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 302 | AD - 2026, Ashadh Vad -09 | Friday, Dt. 07-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### દેશમાં વધતી જતી બેરોજગારીને રાષ્ટ્રીય મુદ્દો બનાવવામાં આવશે : અભિજીત દિપકે

## CJPની સપ્ટેમ્બરમાં 'વોટ ધ પબ્લિક સેઝ' ઝુંબેશની જાહેરાત

નવીદિલ્હી,તા.૦૬

નવી દિલ્હી ખાતે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) ની કોર ટીમની મહત્વપૂર્ણ બેઠક ગુરુવારે સંપન્ન થઈ હતી. આ બેઠક બાદ મીડિયા સાથેની વાતચીતમાં પક્ષના સ્થાપક અભિજીત દીપકે એક મોટી જાહેરાત કરતા જણાવ્યું હતું કે સીજેપી આવતા મહિને, એટલે કે સપ્ટેમ્બરમાં, "વોટ ધ પબ્લિક સેઝ" નામના વ્યાપક જનજાગૃતિ ઝુંબેશનો પ્રારંભ કરશે. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય દેશભરના નાગરિકો સાથે સીધો સંવાદ સાધીને તેમની રોજિંદી સમસ્યાઓનું નિવારણ લાવવાનો છે. આ અભિયાન દેશની વર્તમાન સ્થિતિ અને નાગરિકો જે મુખ્ય મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે તે અંગે જનતાના વાસ્તવિક અભિપ્રાયને દેશ સામે ઉજાગર કરશે.દિલ્હીના જંતર-મંતર ખાતે યોજાયેલા વિરોધ પ્રદર્શન અંગે વાત કરતા દીપકે જણાવ્યું કે શિક્ષણ પ્રણાલીમાં વ્યાપારીકરણ બંધ થવું જોઈએ. દેશમાં વધતી જતી બેરોજગારીને રાષ્ટ્રીય મુદ્દો બનાવવામાં આવશે, કારણ કે ભારતની ૬૦ ટકાથી વધુ વસ્તી યુવાનોની છે. કેન્દ્રીય મંત્રીના રાજીનામાને તેમણે જનતા અને યુવાનોની ઐતિહાસિક જીત ગણાવી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે લોકોના મનમાંથી ભય દૂર થયો છે અને સીજેપી બાબાસાહેબ આંબેડકર, મહાત્મા ગાંધી અને પંડિત જવાહરલાલ નેહરુના વિઝન અનુસાર બંધારણીય



મૂલ્યોનું રક્ષણ કરવા કટિબદ્ધ છે. પર્યાવરણવાદી સોનમ વાંગચુક આ આંદોલન માટે માર્ગદર્શક રહેશે, તેમજ ઝારખંડમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓના સમર્થનમાં સીજેપીનું એક પ્રતિનિધિમંડળ ટૂંક સમયમાં રાંચીની મુલાકાત લેશે. રાજકીય વ્યવસ્થા, ન્યાયતંત્ર, મીડિયા અને ચૂંટણી પંચ પ્રત્યે જનતાનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે જાહેર દબાણ અને જન આંદોલનની જરૂરિયાત પર ભાર મુકવામાં આવ્યો હતો. આજે લોકશાહીમાં ચૂંટણી પંચને જવાબદાર ઠેરવવું અત્યંત જરૂરી બન્યું છે. તાજેતરમાં મહારાષ્ટ્રમાં શિવસેના અને એનસીપીનું વિભાજન, તેમજ પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં થયેલા બળવા અને પક્ષપલટાની ઘટનાઓએ જાહેર જનાદેશનું અપમાન કર્યું છે. સીજેપી આ પ્રકારની પક્ષપલટાની રાજનીતિ સામે મહારાષ્ટ્રથી એક મોટું અભિયાન શરૂ કરશે, જેથી લોકશાહી પ્રક્રિયાની નિષ્પક્ષતા જાળવી શકાય. સીજેપીના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસ અને આશુતોષ રંકાએ જણાવ્યું કે આ આંદોલન નાગરિકોને પોતાની ચિંતાઓ રજૂ કરવા માટે એક ખુલ્લું મંચ પૂરું પાડશે. આ સંગઠન હાલમાં કોઈ રાજકીય પક્ષ બનવાને બદલે એક મજબૂત 'જાહેર દબાણ જૂથ' તરીકે જ કામ કરશે. સીજેપીએ કોઈ ક્રાઉડફંડિંગ ઝુંબેશ ચલાવવાની મનાઈ કરી છે પરંતુ નાગરિકોને વેબસાઈટ દ્વારા સભ્યપદ મેળવવા અપીલ કરી છે. રાષ્ટ્રીય ટીમમાં ૩૦ વર્ષીય સ્થાપક અભિજીત દીપક, અને સહ-સંયોજકો તરીકે ૩૦ વર્ષીય આશુતોષ રંક તેમજ ૨૭ વર્ષીય સૌરવ દાસને નેતૃત્વ સોંપવામાં આવ્યું છે.

## સંસદમાં વિપક્ષના અધિકારો અને વિપક્ષી નેતા પર ટિપ્પણી અંગે મલ્લિકાર્જુન ખડગેનો વળતો પ્રહાર

**વિપક્ષને ક્યારે, શું અને કેવી રીતે બોલવું તે નક્કી કરવાનો સંપૂર્ણ અધિકાર : ખડગે**



નવી દિલ્હી,તા.૦૬

રાજ્યસભામાં ભારે હોબાળા વચ્ચે વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુને કડક જવાબ આપતા સ્પષ્ટ કર્યું કે તેમને નિયમો શીખવવાની જરૂર નથી. તેમણે ઉમેર્યું કે વિપક્ષને ક્યારે, શું અને કેવી રીતે બોલવું તે નક્કી કરવાનો સંપૂર્ણ અધિકાર છે. કોંગ્રેસ અધ્યક્ષે નવચૂંટાયેલા સાંસદ પવન ખેરા વિશે કરાયેલી ટિપ્પણીનો વિરોધ કરતા કહ્યું કે સરકાર વિપક્ષી સભ્યોનું અપમાન કરી રહી છે, જ્યારે વિપક્ષ માત્ર રાષ્ટ્રીય અને જાહેર હિતના પ્રશ્નો ઉઠાવી રહ્યો છે. ખડગેએ માંગ કરી કે વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે ગૃહમંત્રી જાતે ગૃહમાં આવીને સત્તાવાર નિવેદન આપે. તેમણે પ્રેસ કોન્ફરન્સમાં વડાપ્રધાન અને ગૃહમંત્રી પર નિશાન સાધતા આરોપ લગાવ્યો કે સરકાર સંસદની અવગણના કરી રહી છે અથવા જવાબ આપવાથી ડરી રહી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ઝારખંડ સહિત દેશભરના વિદ્યાર્થીઓના આંદોલન અને અધિકારોની લડાઈમાં તેમની પાર્ટી મજબૂતીથી સાથે ઊભી રહેશે.

## તમિલનાડુ રાજ્ય ગીત અંગે વિવાદ સામે આવ્યો, ૨૧ સાંસદોએ રાજ્યપાલને લખ્યો પત્ર

ચેન્નાઈ,તા.૦૬

તમિલનાડુમાં સત્તાવાર કાર્યક્રમોના પ્રોટોકોલ અંગે ફરી વિવાદ ઊભો થયો છે. રાજ્યના ૨૧ સાંસદોએ રાજ્યપાલ આર. એન. રવિ આર્લેકરને એક પત્ર મોકલીને યુનિવર્સિટીઓ અને સરકારી સમારંભોમાં તમિલ રાજ્ય ગીત ગાવાની જૂની પરંપરાને પુનઃસ્થાપિત કરવા વિનંતી કરી છે. સાંસદોએ તાજેતરમાં મનોમનમિયમ સુંદરનાર યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહનો ઉલ્લેખ કર્યો હતો, જ્યાં તમિલ



રાજ્ય ગીતને પ્રારંભને બદલે ત્રીજા સ્થાને રાખવામાં આવ્યું હતું.

પી. ચિદમ્બરમ, કાર્તિ ચિદમ્બરમ અને ટી. તિરુમાવલવન સહિતના સાંસદોએ જણાવ્યું કે પાંચ દાયકાથી ચાલી આવતી પરંપરા મુજબ કાર્યક્રમની શરૂઆત તમિલ રાજ્ય ગીતથી થવી જોઈએ અને અંત રાષ્ટ્રીય ગીતથી થવો જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું કે આ ક્રમમાં ફેરફારથી તમિલ સમાજ અને ગીતના રચયિતા મનોમનમિયમ સુંદરનાર પિલ્લઈનું અજાણતામાં અપમાન થાય છે.

સાંસદોએ રાજભવનને વિનંતી કરી છે કે તેઓ તમામ સરકારી સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ માટે સ્પષ્ટ માર્ગદર્શિકા જારી કરે. સાથે જ, તેમણે જાહેરમાં સ્પષ્ટતા કરવાની માંગ પણ કરી છે જેથી બિનજરૂરી રાજકીય વિવાદો ટાળી શકાય. આ પત્ર વિરોધના હેતુથી નહીં પરંતુ પ્રાદેશિક સાંસ્કૃતિક પરંપરાઓનું સન્માન જળવાઈ રહે તે માટે લખાયો હોવાનું જણાવવામાં આવ્યું છે.

### સમાજમાં યોગ્ય સંદેશ આપવા માટે આરોપીને કડક સજા થવી જોઈએ : સોલિસિટર

## તહલકાના ભૂતપૂર્વ સંપાદક તરુણ તેજપાલને દોષિત : ૧૦ વર્ષની સજા

મુંબઈ,તા.૦૬

તહલકા મેગેઝિનના ભૂતપૂર્વ સંપાદક તરુણ તેજપાલ સામેના ચર્ચાસ્પદ બળાત્કાર કેસમાં બોમ્બે હાઈકોર્ટે અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. ગોવામાં બોમ્બે હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે ટ્રાયલ કોર્ટના ૨૦૨૧ના નિર્દોષ છુટકારાના નિર્ણયને બાજુ પર રાખીને તેમને દોષિત ઠેરવ્યા છે. ન્યાયાધીશ નીલા ગોખલે અને ન્યાયાધીશ અમિત જામસાંડેકરની




પીઠે ૨૦૧૩ના જાતીય સતામણી કેસમાં સરકાર દ્વારા કરાયેલી અપીલ પર આ નિર્ણય સંભળાવ્યો છે. ચુકાદો આપતા કોર્ટે સ્પષ્ટ કર્યું કે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬(૨)(ક), ૩૭૬(૨), ૩૫૪એ અને ૩૫૪બી હેઠળ તરુણ તેજપાલને દોષિત ઠેરવવામાં આવ્યા છે. સુનાવણી દરમિયાન સજાના મુદ્દા પર બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવી હતી. રાજ્ય સરકાર તરફથી રજૂઆત કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે આરોપીએ પોતાના કૃત્ય પર કોઈ પસ્તાવો દર્શાવ્યો નથી, જેથી સમાજમાં યોગ્ય સંદેશ આપવા માટે કડક સજા થવી જોઈએ. બીજી તરફ, તરુણ તેજપાલના વરિષ્ઠ વકીલ આબાદ પોંડાએ કોર્ટ સમક્ષ ઉદારતા દાખવવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે આરોપી ૬૨ વર્ષીય વરિષ્ઠ નાગરિક છે, આ તેમનો પ્રથમ ગુનો છે અને તેઓ અગાઉ પણ અટકાયતમાં સમય વિતાવી ચૂક્યા છે. તરુણ તેજપાલે પણ અદાલતમાં પોતાનો પક્ષ મૂકતા કહ્યું કે તેઓ પરિવારીજન છે અને આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાનો અધિકાર ધરાવે છે. આ કેસ વર્ષ ૨૦૧૩નો છે, જ્યારે ગોવાની એક ફાઈવ સ્ટાર હોટલની લિફ્ટમાં તરુણ તેજપાલ પર પોતાની જ જુનિયર સાથી કર્મચારી સાથે જાતીય દુષ્કર્મ આચરવાનો આરોપ લાગ્યો હતો. ટ્રાયલ કોર્ટે પુરાવાના અભાવે તેમને નિર્દોષ છોડ્યા હતા, પરંતુ હાઈકોર્ટે તે નિર્ણયને ખામીયુક્ત ગણાવી રદ કરી ૧૦ વર્ષની સજા ફટકારી છે.

## અરવિંદ કેજરીવાલે પોતાનુ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ભારતમાં પ્રતિબંધિત થયુ હોવાનો આરોપ લગાવ્યો


નવી દિલ્હી,તા.૦૬

આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે આરોપ લગાવ્યો છે કે તેમનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ભારતમાં પ્રતિબંધિત કરવામાં આવ્યું છે. મેટા તરફથી વારંવાર ઈમેઈલ અને પૂછપરછ છતાં કોઈ સ્પષ્ટ જવાબ મળ્યો નથી. કેજરીવાલે કટાક્ષ કરતા કહ્યું કે કંપનીએ કેન્દ્ર સરકારના દબાણમાં આવીને આ પગલું ભર્યું હોઈ શકે છે. તેમણે આ સેવાને અત્યંત નબળી ગણાવી હતી. આ સાથે તેમણે લોકોને પણ વિનંતી કરી છે કે જો તેઓ આવી સમસ્યાનો સામનો કરી રહ્યા હોય તો સામે આવીને મેટા સામે એક થઈને અવાજ ઉઠાવે.







# ગજેરા કેમ્પસ ખાતે UNICEF અને અમરેલી પોલીસના ઉપક્રમે બાળ સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૬

શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ – વિદ્યાસભા ખાતે UNICEF અને અમરેલી જિલ્લા પોલીસના સંયુક્ત ઉપક્રમે "Good Touch – Bad Touch, Child Rights, Child Protection અને Life Skills" વિષય પર એક દિવસીય જાગૃતિ અને તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન



કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક ખરાત સંજય (IPS), Dy.S.P. ગોરવાડિયા, UNICEFના પ્રતિનિધિઓ બિનલબેન પટેલ અને કેશવભાઈ સહિત પોલીસ ટીમ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને કોમિક બુક, વીડિયો અને પ્રેઝન્ટેશનના માધ્યમથી ઓનલાઈન સલામતી, શારીરિક-માનસિક સ્વાસ્થ્ય, રિપોર્ટિંગ વ્યવસ્થા તેમજ આત્મવિશ્વાસ જેવા જીવન કૌશલ્યોનું ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી અને SP સંજયસરે બાળપણથી જ સુરક્ષા અને કાયદાની સમજ આપી ગુનાઓ ઘટાડવા પર ખાસ ભાર મૂક્યો હતો.

# મોટા આગરીયા ગામે ભારે વરસાદ બાદ ગ્રામજનોએ જાત મહેનતે રસ્તાના ખાડા પૂર્યા

રાજુલા,તા.૦૬

ભારે વરસાદ બાદ સાવરકુંડલા–રાજુલા સ્ટેટ હાઈવે પર મોટા આગરીયા ગામ નજીક રસ્તા પર મોટા ખાડા પડી જતા વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી રહી હતી. અનેક રજૂઆત છતાં કોઈ કામગીરી ન થતા ગામના લોકોએ પોતાના ખર્ચે અને



જાત મહેનતે માટી ભરી ખાડા પૂર્યા હતા. ગ્રામજનોએ જણાવ્યું કે વરસાદના પાણીથી ખાડા દેખાતા ન હોવાથી અકસ્માતનો ભય વધ્યો હતો. સ્થાનિક આગેવાન પ્રકાશભાઈ ખુમાણે જણાવ્યું કે લોકોની સુરક્ષા માટે આ પગલું ભરવું પડ્યું. માર્ગ અને મકાન વિભાગે જણાવ્યું કે ભારે વરસાદના કારણે રસ્તાને નુકસાન થયું છે અને વરસાદ ઓસરતા મરામત કામગીરી શરૂ કરવામાં આવી છે. અધિકારીઓએ સમગ્ર મામલે તપાસની ખાતરી આપી છે.

# બાબરાના ખંભાળા ગામેથી સગીરાનું બદકામના ઈરાદે કરાયું અપહરણ

**સગીરાના પિતાએ વાંકીયા ગામના યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

બાબરા, તા. ૦૬

બાબરાના ખંભાળા ગામેથી એક સગીરાનું દુષ્કર્મ કરવાના ઈરાદે અપહરણ કરવામાં આવ્યું હતું. આ અંગે સગીરાના પિતાએ વાંકીયા ગામના સુભાષભાઈ વિઠ્ઠલભાઈ બેરાણી સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, આરોપી તેમની સગીર પુત્રીને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી-ફોસલાવીને દુષ્કર્મ આચરવાના ઈરાદે વાલીપણામાંથી ભગાડી ગયો હતો. આ બાબતે બાબરા પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.આર. પરમાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સરંભડા આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ કીટ વિતરણ કરાયું

અમરેલી,તા.૦૬

આયુષ્યમાન આરોગ્ય મંદિર-સરંભડા ખાતે વિઝન ફોર વાઈલ્ડ લાઈફ ફાઉન્ડેશન અને આરોગ્ય મંદિરના સહયોગથી પર પ્રાંતિય વિસ્તારના મજુર વર્ગના સગર્ભા મહિલા અને ધાત્રી માતાઓને પોષણ કીટનુ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ માં તાલુકા હેલ્થ ઓફીસર ડો.સતાણી, ડો.મિહિર મહેતા, ડો. કિરણબહેન શેલડીયાના માર્ગદર્શનમાં અને મોટાભાઈ સંવટ, મેનેજીગ ટ્રસ્ટી, ડો. જીવરાજ મહેતા સ્મારક



ટ્રસ્ટ-અમરેલી અને રમેશભાઈ ચૌહાણ, વિઝન ફોર વાઈલ્ડ લાઈફના વિશેષ ઉપસ્થિતિમાં ૧૫ જેટલી બહેનોને એક માસ ચાલે તેટલી પોષણ કીટનુ વિતરણ કરવામાં આપ્યુ હતુ.આ પ્રસંગે મોટાભાઈ સંવટ અને રમેશભાઈ ચૌહાણ દ્વારા બહેનોને જંગલી પ્રાણીઓથી સાવધાન અને સલામત કેમ રહેવુ તેનુ માર્ગદર્શન આપ્યુ હતુ. આગામી ૬ માસ સુધી દર માસે પોષણ કીટ તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને આપવામાં આવશે. કાર્યક્રમમાં સરપંચ ચંદ્રિકાબહેન વિનુભાઈ દુધાત, ઉપ સરપંચ મધુભાઈ હરખાણી, તાલુકા પંચાયત સદસ્ય રાજુભાઈ કાછડીય સહિત બહેનો ઉપસ્થિત રહયા હતા.

# લાઠીના ટોડા ગામેથી તીનપત્તીનો જુગાર રમતાં પાંચ શકૂની ઝડપાયા

લાઠી, તા.૦૬

લાઠીના ટોડા ગામેથી તીનપત્તીનો જુગાર રમતાં ૫ ઈસમો ઝડપાયા હતા. વલ્લભભાઈ નરશીભાઈ ઝાપડીયા, જીતુભાઈ અનીલભાઈ ઝાપડીયા, હિતેશભાઈ અરવિંદભાઈ ઝાપડીયા, ધીરૂભાઈ જાદવભાઈ ઝાપડીયા તથા કિર્તીભાઈ કરમશીભાઈ વાવડીયા આ પાંચેય ઈસમો જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાથી તીનપત્તી નામનો હાર-જીતનો જુગાર રમતા હતા. રેઈડ દરમિયાન તેઓ ગંજીપત્તાના પાના તથા રોકડા રૂ.૧૦,૧૨૦ના મુદ્દામાલ સાથે પકડાયા હતા. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.પી.ડોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના છતડિયા ગામે પાઈપલાઈન લીકેજથી ખેડૂતોને નુકશાની, વળતર અને રિપેરિંગની માંગ

રાજુલા, તા.૦૬

રાજુલાના છતડિયા ગામના ખેડૂતો બારૈયા પ્રકાશભાઈ જાદવભાઈ અને બારૈયા કરશનભાઈના ખેતરમાં છેલ્લા બે વર્ષથી પાણી પુરવઠા વિભાગની પાઈપલાઈનમાં સતત લીકેજ થવાના કારણે ખેતી અને પાકને ભારે નુકશાની થઈ રહી હોવાનું સામે આવ્યું છે. બંને ખેડૂતોની અંદાજે ૧થી ૨ વિઘા જમીનમાં દર વર્ષે પાકને નુકશાન થતું હોવાની રજૂઆત રાજુલા-જાફરાબાદ ખેડૂત સંકલન સમિતિએ પાણી પુરવઠા વિભાગ સમક્ષ કરી હતી. સમિતિએ નાયબ કાર્યપાલક ઈજનેર ઢાકેચા સમક્ષ ખેડૂતોને પાક નુકશાનીનું યોગ્ય વળતર ચૂકવવા તેમજ લીકેજ પાઈપલાઈનનું તાત્કાલિક અને કાયમી રિપેરિંગ કરવાની માંગ કરી હતી. અધિકારીએ હકારાત્મક પ્રતિસાદ આપતા જરૂરી કાર્યવાહી અને વળતરની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરવાની ખાતરી આપી હતી. સમિતિએ જણાવ્યું કે ખેડૂતોના હિત માટે તેઓ સતત લડત આપતા રહેશે.

**જાળીયા ગામના મુસાફરોને મુશ્કેલી ન પડે તેની કાળજી રાખી**

# બગસરા-અમરેલી રાત્રીની બસમાથી જાળીયા ગામને દૂર કરવા વિચારણા

બગસરા,તા.૦૬

બગસરા ડેપોની રાત્રિના ૯ કલાકે ઉપડતી લોકલ બસ બાબાપુર,ભંડારીયા અને જાળીયા ગામમાં જતી હોવાથી આ જ સમયની નજીક કૃષ્ણનગર-બગસરા પણ જાળીયા ગામમાં જતી હોવાથી લોકલ બસમાંથી જાળીયા ગામ દૂર કરી ઈંધણ બચાવવાનો પ્રયાસ કરવાની વિચારણા કરવામાં આવી રહી છે. જો કે જાળીયા ગામના મુસાફરોને કોઈ તકલીફ ન પડે તે માટે ૮:૪૫ વાગ્યે કૃષ્ણનગર-બગસરા બસ અમરેલીથી ઉપડે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. આ અંગે ડેપો મેનેજર નિમિષાબા ગઢવીએ જણાવ્યું હતું કે, કૃષ્ણનગર-બગસરા અને લોકલ બસ વચ્ચે માત્ર ૧૫ મીનીટનો તફાવત રહે છે. જેથી સરકારના હિતમાં ઈંધણનો ઓછો ઉપયોગ થાય તે હેતુથી લોકલ બસમાંથી જાળીયા ગામને દૂર કરવાની વિચારણા કરવામાં આવી રહી છે. જયારે જાળીયા ગામના મુસાફરોને કોઈ અગવડ ન પડે તે માટે કૃષ્ણનગર-બગસરા વાયા જાળીયા ૯ વાગ્યાની આસપાસ જ અમરેલીથી ઉપડે તેવા પ્રયાસો કરવામાં આવશે. જયારે બાબાપુર અને મોટા ભંડારીયા ગામના લોકોને ગામમાં જવાની આ છેલ્લી બસ હોય તેથી આ બંને ગામમાં બસને મોકલવામાં આવશે. જો કે આ હજુ વિચારણા હેઠળ હોવાનું ડેપો મેનેજરે અંતમાં જણાવ્યું હતુ.

**કૃષ્ણનગર-બગસરા જાળીયા ગામે બસ જતી હોવાથી ઈંધણ બચાવવાનો પ્રયાસ**

# વડેરાના આયુષ્યમાન આરોગ્ય મંદિરે સગર્ભા બહેનોને પોષણ કીટનું વિતરણ

અમરેલી,તા.૦૬

આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા ખાતે રંગપુર અને વડેરા ગામના વાડી વિસ્તારમાં રહેતી સગર્ભા બહેનો માટે પ્રાથમિક આરોગ્ય તપાસ કાર્યક્રમ યોજાયો હતો. આ તપાસ દરમિયાન બહેનોના વજન, ઊંચાઈ, BMI ની ચકાસણી કરવામાં આવી હતી તેમજ ધનુરની રસી આપવામાં આવી હતી. વિશ્વ સ્તનપાન સપ્તાહ ઉજવણી અંતર્ગત મમતા દિવસ પ્રસંગે ઉપસ્થિત



તમામ સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓને બાળકના સારા સ્વાસ્થ્ય માટે સ્તનપાનના ફાયદાઓ વિશે વિગતવાર આરોગ્ય શિક્ષણ પૂરું પાડવામાં આવ્યું હતું.આ વિશેષ કાર્યક્રમ દરમિયાન ૧૦ સગર્ભા બહેનોને આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા દ્વારા પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સંસ્થાના સ્થાનિક સ્ટાફ સપનાબેન રાણવા, કે. બી. દુધાત, ડી. જી. રાજયગુરુ, બીલકીસબેન ભટ્ટી અને કાજલબેન જાદવે ભારે જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલાની દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલાની એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે નિમિત્તે ૦૫-૦૮-૨૦૨૬ ના રોજ દેશભક્તિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં રાષ્ટ્ર પ્રેમ અને સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાન પ્રત્યે આદરની ભાવનાને



જાગૃત કરવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત ભારત માતાના ચિત્ર સમક્ષ દીપ પ્રજ્વલન તથા રાષ્ટ્રગીતથી કરવામાં આવી હતી. ત્યારબાદ ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ૯૦ બહેનોએ ભાગ લીધેલ હતો. તેમને સ્પર્ધાને અંતે ચિત્રોને એકથી ત્રણ નંબર આપવામાં આવેલ હતા. શાળાનાં આચાર્ય ઉષાબેન તેરૈયાએ સ્વાતંત્ર્ય દિવસનું મહત્વ સમજાવીને વિદ્યાર્થીઓને જવાબદાર અને જાગૃત નાગરિક બનવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમના આયોજનમાં શાળાના શિક્ષિકા સંગીતાબેન પરમાર તથા સમગ્ર સ્ટાફે ભાગ લીધેલ હતો.







# બાબાપુર ગામમાં વિકાસના કામોને મળ્યો વેગ, ત્રણ મહિનાથી કામગીરી પૂરજોશમાં

બાબાપુર, તા.૦૬


તસવીર :હસુભાઇ રાવલ

અમરેલી તાલુકાના બાબાપુર ગામમાં છેલ્લા ત્રણ મહિનાથી વિવિધ વિકાસના કામો ઝડપથી ચાલી રહ્યા છે. રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના સતત પ્રયાસોને કારણે ગ્રામ પંચાયતના સરપંચ અરવિંદભાઈ ચાવડા, ઉપસરપંચ સાગરભાઈ ગોંડલીયા તેમજ સભ્યો સુરેશભાઈ ચાવડા, કાળુભાઈ રાદડિયા અને પ્રવીણભાઈ ચાવડાના પ્રયાસોથી ગામમાં વિકાસને નવી દિશા મળી રહી છે. ગામમાં સિમેન્ટ રોડ સહિતના અનેક કામો હાલ પૂરજોશમાં ચાલી રહ્યા છે. વિકાસના કામો આગળ વધતા ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. લાંબા સમયથી જરૂરી ગણાતા કામો હવે ઝડપથી પૂર્ણ થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગ્રામજનોનું કહેવું છે કે વિકાસના કામોથી ગામની સુવિધાઓમાં વધારો થશે અને લોકોને રોજિંદા જીવનમાં પણ મોટી રાહત મળશે. ગામમાં ચાલી રહેલી કામગીરીથી લોકોમાં સંતોષ જોવા મળી રહ્યો છે.

# અમરેલીના સરંભડા પાસે ગ્રામજનોએ ગેરકાયદે રેતી ભરેલ ડમ્પર ઝડપી પાડ્યું

**ગ્રામજનોએ ડમ્પર ખાણ-ખનીજ વિભાગને સોંપ્યુ**

અમરેલી,તા.૦૬

અમરેલી તાલુકાના સરંભડા ગામ નજીક શેત્રુંજી નદીના પટમાંથી ગેરકાયદે રેતી ભરીને જઈ રહેલ એક ડમ્પરને ગ્રામજનોએ પકડી પાડ્યો હતો. બાદમાં ગ્રામજનોએ ડમ્પરને ખાણ ખનીજ વિભાગની ટીમને સુપરત કર્યો હતો. આ બનાવ બાદ જિલ્લામાં ખાણ ખનીજ વિભાગની



કામગીરી સામે ફરી સવાલો ઉભા થયા છે.

શેત્રુંજી નદીમાં લાંબા સમયથી ગેરકાયદે રેતી ખનન થતુ હોવાની ફરિયાદો વારંવાર સામે આવતી રહી છે. સ્થાનિક લોકોનો આરોપ છે કે વિભાગની નજર સામે મોટા વાહનો દ્વારા રેતીની ચોરી ચાલતી રહે છે. કલેક્ટર દ્વારા અનેક વખત કડક કાર્યવાહી કરવા સૂચનાઓ અપાઈ હોવા છતાં અસરકારક કામગીરી થતી નથી તેવી ચર્ચા છે. વિભાગ દ્વારા નાના વાહનો સામે કાર્યવાહી થાય છે પરંતુ મોટા ડમ્પરો સામે પૂરતી કાર્યવાહી ન થતા ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે.

# અમરેલી જિલ્લામાં ITI પ્રવેશનો ચોથો રાઉન્ડ ૭ ઓગસ્ટથી શરૂ

અમરેલી,તા.૦૬

અમરેલી, તા. ૫ ઓગસ્ટ, ૨૦૨૬ – અમરેલી જિલ્લાની તમામ સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI)માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ માટે પ્રવેશ પ્રક્રિયાનો ચોથો રાઉન્ડ આગામી ૭ ઓગસ્ટથી શરૂ થશે. ત્રીજા રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલી બેઠકો પર પ્રવેશ આપવા માટે ૭ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ સુધી અરજી સ્વીકારવામાં આવશે. જે ઉમેદવારો અગાઉ અરજી કરવામાં ચૂકી ગયા હોય અથવા તેમને પ્રવેશ મળ્યો ન હોય તેઓ નજીકની ITIમાં રૂબરૂ સંપર્ક કરીને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે. જિલ્લા ITIના નોડલ આચાર્યએ લાયક અને રસ ધરાવતા યુવક-યુવતીઓને રોજગારલક્ષી ટેકનિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી પોતાના કારકિર્દીને નવી દિશા આપવા આ તકનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી છે.

# અમરેલી જિલ્લામાં માર્ગ સલામતી માટે કડક પગલાં, અકસ્માત ઘટાડવા કાર્યવાહી શરૂ

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લામાં માર્ગ સલામતી વધુ મજબૂત બનાવવા અને માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવા જિલ્લા માર્ગ સલામતી સમિતિના નિર્ણયોના અમલની શરૂઆત કરવામાં આવી છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગો પરના અનધિકૃત દબાણો અને ગેરકાયદે ડિવાઈડરો દૂર કરવામાં આવશે તેમજ માર્ગોને અવરોધમુક્ત બનાવાશે. બ્લેક સ્પોટ, પુલ પહેલાં અને પછીના વિસ્તારો, હેરપિન વળાંકો અને ધાર્મિક સ્થળો નજીક જરૂરી માર્ગ સલામતીના સંકેતો મૂકવામાં આવશે. રાત્રિના સમયે એસટી બસના ડ્રાઈવર-કંડક્ટરોની વ્યસન ચકાસણી હાથ ધરાશે. ઓવરડાયમેન્શન વાહનોમાં રેટ્રો રિફ્લેક્ટર લગાવ્યા છે કે નહીં તેની આરટીઓ દ્વારા તપાસ કરવામાં આવશે. ઉપરાંત માર્ગ સલામતી અંગે જનજાગૃતિ વધારવા સેમિનાર અને વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવશે.

**અનધિકૃત દબાણ દૂર કરાશે, બ્લેક સ્પોટ સુધરશે અને આરટીઓ-પોલીસ સંયુક્ત ચકાસણી કરશે**

# સા.કુંડલામાં રત્ન કલાકાર સાથે બોલાચાલી કરી જાનથી મારવાની ધમકી આપી

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલામાં રત્ન કલાકાર સાથે બોલાચાલી કરી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે હિંમતભાઈ વલ્લભભાઈ ઉનાવા (ઉ.વ.૪૦) એ રવી રાઠોડ તથા બે અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. તેઓ જેસર રોડે ચાલીને તેના ઘરે જતા હતા તે દરમ્યાન સ્મશાન પાસે પહોચતા રવી રાઠોડ તથા અજાણ્યો ઈસમ ઈક્કો ફોરવ્હીલ ગાડી લઈને પાછળથી આવ્યા હતા અને હોર્ન માર્યો હતો. જે બાદ તેમની બાજુમાં ગાડી ઉભી રાખીને સાઈડમાં ચાલવા બાબતે ઉગ્ર બોલાચાલી કરવા લાગ્યા હતા. રવી રાઠોડે ફોરવ્હીલ ગાડીમાંથી લોખંડનો પાઈપ લઈ તેમને જમણા હાથે એક ઘા માર્યો હતો. તેમજ મોઢા ઉપર જમણા ભાગે એક ઘા મારી સાત ટાંકા આવે તેવી ઈજા પહોચાડી હતી. તેમજ અજાણ્યો ઈસમ ઢીકાપાટુનો માર માર્યો હતો અને જેમ ફાવે તેમ ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# રાજ્યના સર્કિટ હાઉસોમાં વકીલોને સરકારી દરે રહેવાની સુવિધા આપવા કાયદા મંત્રીને રજૂઆત

અમરેલી,તા.૦૬

ગુજરાતમાં નોંધાયેલ એડવોકેટોને રાજ્યના તમામ સરકારી સર્કિટ હાઉસમાં સરકારી દરે રોકાણની સુવિધા ઉપલબ્ધ કરાવવા કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાને એડવોકેટ દેવર્ષિ બોરીસાગરે લેખિતમાં રજૂઆત કરી છે. આ રજૂઆતમાં જણાવ્યું હતું કે, કોર્ટ કેસ કે ન્યાયિક કામગીરી અર્થે રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં અવારનવાર પ્રવાસ કરતા વકીલોને રહેવાની યોગ્ય અને આર્થિક રીતે પરવડે તેવી સુવિધા મેળવવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે.જો રાજ્ય સરકાર દ્વારા સર્કિટ હાઉસમાં એડવોકેટો માટે સરકારી દરે રોકાણની સુવિધા માટે જરૂરી નીતિગત નિર્ણય લેવામાં આવે, તો તેનાથી ખાસ કરીને યુવા વકીલો તેમજ બહારગામ પ્રેક્ટિસ કરતા એડવોકેટોને ખુબ મોટી આર્થિક અને વ્યવહારિક રાહત મળશે. આ પ્રકારના હકારાત્મક નિર્ણયથી વકીલો માટે ન્યાયિક કામગીરી વધુ સુગમ બનશે અને સમયનો બચાવ થશે.

# અમરેલી જિલ્લામાં કૃષિ યાંત્રિકીકરણ સાધનો માટે પૂર્વમંજૂરી પ્રક્રિયા શરૂ

અમરેલી, તા. ૦૬

ગુજરાત સરકારની વર્ષ ૨૦૨૬-૨૭ની કૃષિ યાંત્રિકીકરણ યોજના હેઠળ અમરેલી જિલ્લામાં વિવિધ કૃષિ સાધનો માટે ખેડૂતોને પૂર્વમંજૂરી આપવામાં આવી રહી છે. આઈ ખેડૂત પોર્ટલ ૨.૦ પર મળેલી અરજીઓના ઓનલાઈન ડ્રોના આધારે તાલુકાવાર લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. પૂર્વમંજૂરી મેળવનાર ખેડૂતોને એસએમએસ દ્વારા જાણ કરવામાં આવી છે. ખેડૂતો પોર્ટલ પરથી પૂર્વમંજૂરી પત્ર ડાઉનલોડ કરી ૩૦ દિવસમાં માન્ય ડીલર પાસેથી સાધન ખરીદી પૂર્ણ કરશે. ત્યારબાદ પાકું બિલ, આધાર સહિતના જરૂરી દસ્તાવેજો આઈ ખેડૂત પોર્ટલ પર અપલોડ કરી ગ્રામસેવક અથવા તાલુકા ખેતીવાડી કચેરીમાં સમયમર્યાદામાં રજૂ કરવાના રહેશે. વધુ માહિતી માટે તાલુકા ખેતીવાડી કચેરીનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું છે.

# RSETIમાં નારી વંદન સપ્તાહ અંતર્ગત કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો

અમરેલી તા.૦૬

અમરેલી ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI) ખાતે નારી વંદન સપ્તાહ અંતર્ગત તાલીમાર્થી બહેનો માટે ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અંગે કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમની અધ્યક્ષતા વૈશાલીબેન માંગરોળિયાએ કરી હતી. સેમિનારમાં એડવોકેટ શોભીનીબેન વોરાએ ઘરેલું હિંસા પ્રતિરક્ષણ કાયદાની વિવિધ જોગવાઈઓ અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે અનાથ દીકરીઓને શૈક્ષણિક અને હાઈજીન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત દીકરી વધામણા કિટ તેમજ વાલી દીકરી યોજના હેઠળ મંજૂરી હુકમો પણ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન અપાયું હતું. અંતે જાનાબેન ગલસરે આભારવિધિ કરી હતી. કાર્યક્રમમાં RSETIના અધિકારીઓ, ફેકલ્ટી, મહાનુભાવો અને તાલીમાર્થી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.







-:: જાહેર નોટીસ ::-

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.255/2026
જન્મ તારીખ: 20/05/2004

કસ્તુરીબેન સોમાભાઈ દરી,
રહે. માઢવડ, ગામ-માઢવડ, તાલુકો-કોડીનાર
જિલ્લો- ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વેલણ, તા, કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કસ્તુરીબેન સોમાભાઈ દરી, રહે.માઢવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી સોમાભાઈ કાનજી દરી તથા કસ્તુરીબેન સોમાભાઈ દરી ના પુત્રી જાગ્રુતિબેન સોમાભાઈ દરીનો જન્મ તારીખ 20/05/2004ના રોજ કોડીનાર તાલુકાના માઢવડ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. 20/07/ 2026નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર


# જિલ્લામાં પ્રી-ઈન્ડિપેન્ડન્સ ડે અંતર્ગત કોલેજોમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન

અમરેલી, તા.૦૬

રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વ-૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે પ્રી-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટી અંતર્ગત અમરેલી જિલ્લાના વિવિધ સરકારી અને અનુદાનિત કોલેજોમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.



વિદ્યાર્થીઓએ દેશભક્તિ, રાષ્ટ્રીય એકતા, સ્વતંત્રતા સેનાનીઓના બલિદાન અને વિકસિત ભારત જેવા વિષયો પર આકર્ષક ચિત્રો દોરી પોતાની સર્જનાત્મક અભિવ્યક્તિ રજૂ કરી હતી. બગસરા, બાબરા, લીલીયા, વડિયા, સાવરકુંડલા તેમજ અમરેલીની વિવિધ કોલેજોમાં ઉત્સાહભેર સ્પર્ધાઓ યોજાઈ હતી. કાર્યક્રમ દરમિયાન પ્રાધ્યાપકો અને આયોજકોએ વિદ્યાર્થીઓને સર્જનાત્મકતા સાથે રાષ્ટ્રપ્રેમનો સંદેશ આપ્યો હતો. કેટલીક કોલેજોમાં વિજેતા વિદ્યાર્થીઓને સ્થાન આપવામાં આવ્યા હતા. સ્વતંત્રતા પર્વ પૂર્વે યોજાયેલી આ પ્રવૃત્તિએ વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, રાષ્ટ્રીય ગૌરવ અને કલાત્મક અભિવ્યક્તિ પ્રત્યેનો ઉત્સાહ વધુ મજબૂત બનાવ્યો હતો.







-:: જાહેર નોટીસ ::-

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.278/2026
જન્મ તારીખ: 01/01/1980

બામણીયા વશરામભાઈ વીરાભાઈ,
રહે કોટડા, ગામ-કોટડા, તાલુકો-કોડીનાર
જિલ્લો- ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વેલણ, તા, કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી બામણીયા વશરામભાઈ વીરાભાઈ, રહે. કોટડા, તાલુકો-કોડીનાર જિલ્લો- ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી વીરા ભીખા તથા વાલુબેન વીરા ના પુત્રી કાન્તાબેન વીરાનો જન્મ તારીખ 01/01/1980ના રોજ કોડીનાર તાલુકાના કોટડા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.04/08/ 2026નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર





**તાલુકા પંચાયત પરિવાર દ્વારા દક્ષાબેન ચોડવડિયાનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું**

# બાબરા તાલુકા પંચાયતમાં વિકાસ કામોની સમીક્ષા બેઠક યોજાઈ

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબેન ચોડવડિયાએ બુધવારે બાબરા તાલુકા પંચાયતની મુલાકાત લઈ વિવિધ શાખાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં તાલુકામાં ચાલી રહેલા વિકાસ કામોની પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. દક્ષાબેન ચોડવડિયાએ અધિકારીઓને વિકાસલક્ષી યોજનાઓ સમયમર્યાદામાં પૂર્ણ કરવા તેમજ પ્રજાલક્ષી કામોમાં વધુ ઝડપ લાવવા જણાવ્યું હતું. તેમણે સરકારની વિવિધ યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી સમયસર પહોંચે તે માટે તમામ વિભાગોએ સંકલનથી કામગીરી કરવા ભાર



મુક્યો હતો. બેઠકમાં જિલ્લા પંચાયત સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, તાલુકા પંચાયત પ્રમુખ તુષારભાઈ રામાણી, કિરીટભાઈ બગડા, વિઠ્ઠલભાઈ ગ્રાભડિયા, મધુભાઈ ગેલાણી, વિહાભાઈ વાઢીયા, જયેશભાઈ સુતરીયા, જયસુખભાઈ રામાણી, ઝવેરભાઈ કટેશિયા તેમજ તાલુકા પંચાયતના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. મુલાકાત દરમિયાન તાલુકા પંચાયત પરિવાર દ્વારા દક્ષાબેન ચોડવડિયાનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

**જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડિયાએ અધિકારીઓને વિકાસ યોજનાઓ ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી**

# અમરેલી જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનની વરણી

**કારોબારીથી લઈ મહિલા-બાળ વિકાસ સમિતિ સુધી નવી નિમણૂકો જાહેર**

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લા પંચાયત ખાતે ગુરુવારે વિવિધ સમિતિઓની બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જુદી જુદી સમિતિઓ માટે નવા ચેરમેનોની વરણી કરવામાં આવી હતી. કારોબારી સમિતિના ચેરમેન તરીકે અરજણભાઈ વાઘની પસંદગી કરવામાં આવી છે. સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે ડેનિભાઈ પરમારની નિમણૂક કરવામાં આવી છે. જાહેર બાંધકામ સમિતિની જવાબદારી પ્રકાશભાઈ પાનસુરિયાને સોંપવામાં આવી છે. શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે સોનલબેન તારપરાની પસંદગી કરવામાં આવી છે. જાહેર આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે મિતલબેન ભાખરની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે સિંચાઈ, ઉત્પાદન, સહકાર અને પશુપાલન સમિતિના ચેરમેન તરીકે અમરશીભાઈ વાઘેલાની વરણી કરવામાં આવી છે. મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન તરીકે વિલાસબેન દેસાઈની નિમણૂક કરવામાં આવી હોવાનું બેઠકમાં જાહેર કરાયું હતુ.

# અમરેલીના જસવંતગઢ ગામે પોલ પરથી રૂ. ૯૫ હજારના કંડક્ટર વાયરની ચોરી

**બાબરાના બળેલ પીપરીયા ગામના કોન્ટ્રાક્ટરે ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૦૬

અમરેલીના જસવંતગઢ ગામે વીજળીના પોલ પરથી રૂ. ૯૫ હજારની કિંમતના કંડક્ટર વાયરની ચોરી થઈ હતી. આ અંગે બાબરાના બળેલ પીપરીયા ગામના કોન્ટ્રાક્ટરે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, કોઈ અજાણ્યો ઈસમ તેમની કંપનીના પોલ પરથી આશરે ૪૫૦ મીટર કંડક્ટર વાયર ચોરીને લઈ ગયો હતો, જેની અંદાજિત કિંમત રૂ. ૯૫,૦૦૦ હતી.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. કે. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં આવેલ પીપાવાવ પોર્ટની PSL કંપનીએ રામપરા-૨ના ખેડૂતોને વળતરના ચેક આપ્યા

રાજુલા,તા.૦૬

રાજુલામાં આવેલ પીપાવાવ પોર્ટ નજીક પી એસ એલ હોલ્ડિંગ કંપની દ્વારા ખેડૂતોને સમાધાન માટેના ચેક આપવામા આવ્યા હતા. રામપરા નંબર ૨ ગામના ખેડૂતોએ જમીન બાબતે કંપની સામે મોટો આંદોલન કર્યો હતો. તે સમયે હિરાભાઈ સોલંકી અને



તસવીર : ગોપાલ રાઠોડ

સરપંચ સનાભાઈ વાઘ વચ્ચે પડીને કંપની સાથે વાત કરી સમાધાન કરાવી આપ્યુ હતુ. કંપનીએ પણ ખેડૂતોને સારુ વળતર આપવાનુ નક્કી કર્યુ હતુ અને થોડો સમય માંગ્યો હતો. આજે રામપરાના સરપંચ સનાભાઇ વાઘ અને અમરેલી જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન અરજણભાઈ વાઘ ના હસ્તે ખેડુતોને ચેક વિતરણ કરીને વળતર ચુકવાયુ છે.

આ સમાધાનથી ખેડૂતો ખુશ થયા છે અને લાંબા સમયથી ચાલતો આંદોલન સમેટાઇ ગયો છે.

# અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં પડેલા ૧૬ ટુ-વ્હીલર માલિકોને છેલ્લી તક

અમરેલી, તા. ૦૬

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પટાંગણમાં લાંબા સમયથી પડેલા કુલ ૧૬ ટુ-વ્હીલર વાહનો અંગે પોલીસ દ્વારા મહત્વની જાહેરાત કરવામાં આવી છે. વાહનોના માલિકો, ચાલકો અથવા વીમા કંપનીઓ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા વાહનોની સ્થિતિ સતત બગડી રહી હોવાથી તેમના કાયમી નિકાલ માટે જાહેર હરાજી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસે સંબંધિત તમામ માલિકોને રજિસ્ટ્રેશન નંબર, ચેસીસ નંબર, એન્જિન નંબર અથવા કંપનીના મોડલના આધારે પોતાની માલિકી સાબિત કરી ૭ દિવસની અંદર વાહન છોડાવી જવા અપીલ કરી છે. નિર્ધારિત સમયમર્યાદામાં વાહનો છોડાવવામાં નહીં આવે તો તેમની જાહેર હરાજીની કાર્યવાહી કરવામાં આવશે, તેવી માહિતી અમરેલી સીટી પોલીસ ઇન્સપેક્ટરે જાહેર યાદીમાં આપી છે.

# ટ્રેક્ટર સહાય યોજનાના લાભાર્થી ખેડૂતોને ૬૦ દિવસમાં દસ્તાવેજો જમા કરાવવા

**જરૂરી દસ્તાવેજો તાલુકા કક્ષાની ખેતીવાડી કચેરીમાં ગ્રામ સેવક અથવા વિસ્તરણ અધિકારીને રજૂ કરવાના રહેશે**

અમરેલી,તા.૦૬

ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ની એ.જી.આર.-૫૦ ખેતીના ભારે સાધનો (ટ્રેક્ટર) યોજના હેઠળ પૂર્વમંજૂરી મેળવનાર અમરેલી જિલ્લાના તમામ ખેડૂતોને જિલ્લા ખેતીવાડી કચેરીએ મહત્વપૂર્ણ સૂચના આપી છે. લાભાર્થીઓએ સરકારની શરતો મુજબ મંજૂર મોડલનો ટ્રેક્ટર ખરીદી, પાસિંગ કરાવી અને ખરીદી બિલ, આર.સી. બુક, વીમા, ૮-અ સહિતના જરૂરી દસ્તાવેજો પૂર્વમંજૂરી મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર તાલુકા કક્ષાની ખેતીવાડી કચેરીમાં ગ્રામસેવક (ખેતી) અથવા વિસ્તરણ અધિકારી (ખેતી)ને રજૂ કરવાના રહેશે. તમામ દસ્તાવેજો આઈ ખેડૂત ૨.૦ પોર્ટલ પર અપલોડ કરવાનું પણ ફરજિયાત છે. સમયમર્યાદામાં દસ્તાવેજો રજૂ નહીં થાય અથવા પોર્ટલ પર અપલોડ નહીં કરવામાં આવે તો અરજી દફતરે કરવામાં આવશે અને સહાયનો લાભ મળશે નહીં. જિલ્લા ખેતીવાડી અધિકારીએ તમામ લાભાર્થી ખેડૂતોને સમયસર કાર્યવાહી કરવાની અપીલ કરી છે.

# તને ઢોળવાના રોડે નીકળવાની ના પાડેલ છતાં તું ત્યાંથી કેમ નીકળ્યો? કહી ગાળો આપી

**પેન્ટના નેફામાંથી છરી કાઢીને ઉગામી ઈજા પહોંચાડી, વડિયાનો બનાવ**

વડિયા, તા.૦૬

વડિયામાં રહેતા હેમંતસિંહ ગંભીરસિંહ ચાવડા (ઉં.વ.૪૦) એ અરમાન અલ્તાફભાઈ સંધી તથા સદામભાઈ ઈશાભાઈ સોઢા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમનો દીકરો વિશાલભાઈ પરમારના ગેરેજ પાસે તેના મિત્રો સાથે બેઠો હતો. આરોપીઓ અરમાન અલ્તાફભાઈ સંધી તથા સદામભાઈ ઈશાભાઈ સોઢા ત્યાં આવ્યા હતા અને તેમના દીકરાને કહ્યું કે, "તને ઢોળવાના રોડે નીકળવાની ના પાડી છે છતાં તું ત્યાંથી કેમ નીકળ્યો?" તેમ કહી તેના દીકરાને મન ફાવે તેમ ગાળો આપી હતી. જે બાદ અરમાન અલ્તાફભાઈ સંધીએ પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢીને ઉગામી તેના દીકરાને ઈજા પહોંચાડી હતી. વડિયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.કે. મોરવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના ચાવંડ ગામે સરકારી બસને ટ્રક ટક્કર મારતાં રૂ. ૩૦,૦૦૦નું નુકસાન

**૧૫મી ઓગસ્ટના કાર્યક્રમમાં બસ જતી હતી**

લાઠી, તા.૬

લાઠીના ચાવંડ ગામ પાસે સ્પીડ બમ્પર આવતાં અચાનક બ્રેક મારવાના કારણે સરકારી બસ પાછળ પુરપાટ ઝડપે આવતો ટ્રક ભટકાતાં અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બસના પાછળના ભાગે આશરે રૂ. ૩૦,૦૦૦નું નુકસાન થયું હોવાનું સામે આવ્યું હતું.હરદિપસિંહ પ્રતાપસિંહ ગોહિલ (ઉ.વ.૨૮) એ જાહેર કર્યા મુજબ ભાવનગર એમ.ટી. શાખાની સરકારી બસ આગામી ૧૫મી ઓગસ્ટના સ્વતંત્રતા પર્વ નિમિત્તે યોજાનાર રાષ્ટ્રીય તહેવારના કાર્યક્રમ સંબંધે સરકારી કામગીરી અર્થે અમરેલી તરફ જઈ રહી હતી. આ દરમિયાન બસ ચાવંડ ગામ નજીક પહોંચતાં રસ્તા પર અચાનક સ્પીડ બમ્પર આવ્યું હતું. જેથી બ્રેક મારતાં જ, પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલો ટ્રક સરકારી બસ સાથે ધડાકાભેર અથડાયો હતો. આ અકસ્માતમાં સરકારી બસને આશરે રૂ. ૩૦,૦૦૦નું નુકસાન થયું હતું. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.એન.ગરૈયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: નોમ
તા.૦૭-૦૮-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૪૫,
સૂર્યાસ્ત-૦૭:૦૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: કૃતિકા

## દૈનિક રાશિફળ

તા.૦૭-૦૮-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી.

સિંહ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો,

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો.

મીન:આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે.

# જાફરાબાદના હેમાળ ગામે પરિણીતાના વાળ પકડી ઢસડીને કપડાં ફાડી નાખ્યા

**મહિલાના પતિને પણ આડેધડ માર માર્યો**

જાફરાબાદ, તા. ૦૬

જાફરાબાદના હેમાળ ગામે પરિણીતાના વાળ પકડી ઢસડીને કપડાં ફાડી નાખ્યા હતા, તેમજ તેના પતિને પણ આડેધડ માર માર્યો હતો. બનાવ અંગે ભારતીબેન પિયુષભાઈ જોગદીયા (ઉ.વ. ૩૦)એ પ્રવિણભાઈ નાનજીભાઈ જોગદીયા, હાર્દિકભાઈ પ્રવિણભાઈ જોગદીયા, સંજયભાઈ ઘુડાભાઈ જોગદીયા તથા જયદિપભાઈ પ્રવિણભાઈ જોગદીયા સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ આરોપી હાર્દિકભાઈ જોગદીયા અને તેના ભાઈ ધર્મેશભાઈ વચ્ચે બોલાચાલી થઈ હતી. જે વાતનું મનદુઃખ રાખી ચારેય આરોપીઓ તેમના ઘર પાસે આવ્યા હતા. પ્રવિણભાઈ જોગદીયાએ લાકડી વડે તથા હાર્દિકભાઈ જોગદીયાએ પાઈપ વડે તેના પતિને આડેધડ માર માર્યો હતો. હાર્દિકભાઈ જોગદીયાએ તેના પતિના માથામાં પાઈપ મારી ટાંકા આવે તેવી ઈજા પહોંચાડી હતી. તે દરમિયાન તેઓ વચ્ચે પડતાં પ્રવિણભાઈ જોગદીયાએ મહિલાના વાળ પકડી ઓસરીમાં ઢસડી, કાંઠલો પકડીને કપડાં ફાડી નાખ્યા હતા. સંજયભાઈ તથા જયદિપભાઈએ મહિલા તેમજ તેના પતિને મૂંઢ માર માર્યો હતો. ચારેય આરોપીઓએ તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ દરમિયાન તેઓ તથા તેમના પતિ રાડોરાડ કરવા લાગતાં આરોપીઓ નાસી છૂટ્યા હતા. નાગેશ્રી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. આર. ગળચર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ધારીના દલખાણીયા ગામે સહિયારા ઘરેણા મુદ્દે પરિવારજનોમાં બબાલ થઈ

ધારી, તા.૦૬

ધારીના દલખાણીયા ગામે સહિયારા ઘરેણા મુદ્દે પરિવારજનોમાં બબાલ થઈ હતી. આ અંગે મીનાબેન લાલજીભાઈ વાડદોરીયા (ઉ.વ.૩૨)એ સુરેશભાઈ વાડદોરીયા, રાજુભાઈ વાડદોરીયા તથા રાહુલભાઈ વાડદોરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના પતિ લાલજીભાઈ તથા આરોપી સુરેશભાઈ અને રાજુભાઈ ભાઈઓ થતા હતા. તેઓના સહિયારા ઘરેણા તેમના પતિએ આરોપીઓ પાસેથી માંગતા આરોપીઓને સારું નહોતું લાગ્યું. આરોપીઓએ તેમના પતિને માથાના ભાગે કુહાડીનો એક ઘા તથા વાસાના ભાગે લાકડી વડે મૂઢ માર માર્યો હતો, તેમજ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એચ.વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીમાં ૨૫ ઓગસ્ટે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

લાઠી,તા.૦૬

અમરેલીના લાઠી ખાતે ૨૫ ઓગસ્ટના રોજ સવારે ૧૧ વાગ્યે મામલતદાર કચેરીમાં તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. સામૂહિક કે નીતિ વિષયક સિવાયના સરકારી બાકી કામોના પ્રશ્નો માટે નાગરિકો ૧૦ ઓગસ્ટ સુધીમાં બપોરે ૩ વાગ્યા સુધી રૂબરૂ અથવા પોસ્ટ મારફતે અરજી મોકલી શકશે. અરજી પર "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" લખવું જરૂરી છે, તેમ લાઠી તાલુકા મામલતદારે જણાવ્યું છે.

# જિલ્લામાંથી કેફી પીણું પીને ફરતાં ડઝન ઝડપાયા

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી કેફી પીણું પીને ફરતાં ૧૨ લોકોને ઝડપ્યા હતા. લોકઅપની હવા ખાતા જ તમામનો નશો ગાયબ થઈ ગયો હતો. આ સિવાય જાફરાબાદના વઢેરા બસ સ્ટેશન પાસેથી એક યુવક પીવાના દેશી દારૂ સાથે પકડાયો હતો. તમામ સામે પ્રોહીબીશન અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી હતી.

# દામનગરમાં ઘર નજીક ગાળો બોલવા મુદ્દે બે પક્ષોએ સામાસામી ફરિયાદ નોંધાવી

દામનગર, તા.૦૬

દામનગરમાં ઘર નજીક ગાળો બોલવા બાબતે બે પક્ષો વચ્ચે માથાકૂટ થઈ હતી અને સામાસામી ફરિયાદ નોંધાઈ હતી.પ્રથમ ફરિયાદમાં કેવલભાઈ મનોજભાઈ ચાવડીયા (ઉ.વ.૧૮)એ કેવલભાઈ ચેતનભાઈ મકવાણા, ચેતનભાઈ ભુપતભાઈ મકવાણા, મનિષાબેન ચેતનભાઈ મકવાણા તથા રૂપાબેન ભુપતભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, એકાદ મહિના પહેલાં તેની બહેનની કેવલભાઈ ચેતનભાઈ મકવાણા મશ્કરીચાળા કરે છે તેની જાણ તેને થઈ હતી. આ અંગે તેમના તથા કેવલભાઈ મકવાણા વચ્ચે જે-તે સમયે બોલાચાલી થઈ હતી. જેનું મનદુઃખ રાખી તેઓ પોતાના મિત્રો સાથે ગામમાં બેસવા નીકળ્યા ત્યારે સામા પક્ષના ઘર પાસેથી પસાર થતાં આરોપીઓએ ગાળો આપી હતી. જેથી ફરિયાદી પોતાના કાકા (સાક્ષી)ને બોલાવી લાવ્યા હતા. "કેમ ગાળો આપો છો?" તેમ કહેતાં આરોપીઓએ સાક્ષીને પકડી રાખી કુહાડી વડે માથાના ભાગે બે ઘા માર્યા હતા. ત્રીજો ઘા મારવા જતાં ફરિયાદીએ કુહાડી આંચકી લેતાં ઝપાઝપી થઈ હતી, જેમાં તેમને માથામાં ટાંકા આવ્યા હતા તેમજ શરીરે મૂંઢ ઈજા પહોંચી હતી.સામા પક્ષે મનિષાબેન ચેતનભાઈ મકવાણા (ઉ.વ.૪૧) એ શૈલેષ ઉર્ફે ડોન ચકાભાઈ ચાવડીયા, કેવલભાઈ મનોજભાઈ ચાવડીયા, વર્ષાબેન શૈલેષભાઈ ચાવડીયા તથા અસ્મિતાબેન ઉર્ફે ચકુ મનોજભાઈ ચાવડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમના જણાવ્યા મુજબ, શૈલેષ ઉર્ફે ડોન ચકાભાઈ ચાવડીયા તેમના ઘર નજીક અવારનવાર ગાળો બોલતો હોવાથી તેને ગાળો બોલવાની ના પાડી હતી. આશરે એકાદ મહિના પહેલાં તેમના દીકરાને અને કેવલભાઈ ચાવડીયાને રમવા બાબતે બોલાચાલી થઈ હતી. જેનું મનદુઃખ રાખી તેઓ ઘર પાસે આવી ગાળો બોલતા હતા. ગાળો દેવાની ના પાડતાં તેમણે માથામાં લોખંડનો પાઈપ મારી ટાંકા આવે તેવી ઈજા પહોંચાડી હતી તથા ગાળો આપી હતી.આ અંગે દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર.સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# સંસદીય કાર્યવાહીનો એક અભૂતપૂર્વ સમયગાળો

૨૦ જુલાઈ, ૨૦૨૬થી શરૂ થયેલું લોકસભાનું ચોમાસુ સત્ર ભારતીય લોકશાહીના ઈતિહાસમાં નોંધપાત્ર રહ્યું છે. ૧૩ ઓગસ્ટ સુધી નિર્ધારિત આ સત્ર દરમિયાન સતત રાજકીય ગતિરોધ અને વિરોધ વચ્ચે પણ સંસદે અનેક મહત્વપૂર્ણ વિધેયકોને મંજૂરી આપી છે. બીજી તરફ, કેટલાક મહત્વપૂર્ણ બંધારણીય અને નીતિગત વિધેયકો ચર્ચા અને સહમતિના અભાવે આગળ વધી શક્યા નથી. આ સમગ્ર પ્રક્રિયાએ ભારતીય સંસદીય લોકશાહીની શક્તિ તેમજ પડકારો બંનેને ઉજાગર કર્યા છે. સત્ર દરમિયાન સૌથી વધુ ચર્ચામાં રહેલું પરિસીમા (Delimitation) વિધેયક હતું, જેને ૧૩૧મા બંધારણ સુધારા વિધેયક તરીકે ઓળખવામાં આવે છે. આ વિધેયકમાં લોકસભાની મહત્તમ સભ્યસંખ્યા ૫૫૦થી વધારીને ૮૫૦ કરવાની તેમજ લોકસભા મતવિસ્તારોની નવી સીમાઓ નક્કી કરવાની જોગવાઈ છે. જોકે, એપ્રિલ ૨૦૨૬ના વિશેષ સત્રમાં પણ આ વિધેયક જરૂરી બે-તૃતીયાંશ બહુમતીના અભાવે પસાર થઈ શક્યું નહોતું અને ચોમાસુ સત્રના એજન્ડામાં પણ તેનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. તે ઉપરાંત મહિલા આરક્ષણ સુધારા વિધેયક, વિદેશી યોગદાન (નિયમન) સુધારા વિધેયક, ૨૦૨૬ (FCRA Amendment Bill) અને વિકસિત ભારત શિક્ષા અધિષ્ઠાન વિધેયક, ૨૦૨૫ જેવા મહત્વપૂર્ણ વિધેયકો પણ ગતિરોધને કારણે ચર્ચા માટે આવી શક્યા નહીં. સરકારે સ્પષ્ટ કર્યું કે આ મુદ્દાઓ માટે અલગ વિશેષ સત્ર બોલાવવાનો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ વિલંબનું મુખ્ય કારણ સતત ચાલતો સંસદીય ગતિરોધ રહ્યો. સત્રની શરૂઆતથી જ વિપક્ષે વિવિધ મુદ્દાઓને લઈને સરકાર સામે વિરોધ નોંધાવ્યો. કોંગ્રેસ અને INDIA ગઠબંધનના પક્ષોએ જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓ સામેની કથિત પોલીસ કાર્યવાહી, અયોધ્યા રામમંદિર દાનમાં કથિત ગેરરીતિ અને NEET-UG પેપર લીક જેવા મુદ્દાઓ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પાસેથી નિવેદનની માંગ કરી હતી. વિરોધના કારણે લોકસભામાં પ્રશ્નકાળ અને શૂન્યકાળ અનેક વખત સ્થગિત કરવા પડ્યા. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ સભ્યોને શાંતિપૂર્ણ રીતે કાર્યવાહી ચલાવવા અપીલ કરી હતી. સરકાર અને વિપક્ષ વચ્ચે સંવાદના પ્રયાસો પણ થયા હતા, જેમાં સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી વચ્ચે બેઠક યોજાઈ હતી, પરંતુ કોઈ સર્વસંમતિ સર્જાઈ શકી નહોતી. આ તમામ વિવાદો વચ્ચે લોકસભાએ કુલ છ મહત્વપૂર્ણ વિધેયકોને મંજૂરી આપી. તેમાં સર્વોચ્ચ ન્યાયાલય (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા વિધેયક, ૨૦૨૬ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની સંખ્યા ૩૪થી વધારીને ૩૮ કરવામાં આવી. લોક પરીક્ષાઓ (અનુચિત સાધનોનું નિવારણ) સુધારા વિધેયક, ૨૦૨૬ દ્વારા પેપર લીક અને પરીક્ષાઓમાં ગેરરીતિ સામે કડક કાયદાકીય જોગવાઈઓ અમલમાં આવી. રાષ્ટ્રીય ગૌરવના અપમાનનું નિવારણ (સુધારા) વિધેયક, ૨૦૨૬ દ્વારા રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીત અને બંધારણના અપમાન સામે કડક જોગવાઈઓ કરવામાં આવી. ઉપરાંત, જન્મ અને મૃત્યુ નોંધણી (સુધારા) વિધેયક, ૨૦૨૬, વિનિયોગ (નં. ૩) વિધેયક, ૨૦૨૬ અને બેન્કર્સ બુક્સ એવિડન્સ વિધેયક, ૨૦૨૬ પણ પસાર કરવામાં આવ્યા, જેના કારણે નાગરિક નોંધણી, સરકારી ખર્ચ અને ડિજિટલ બેંકિંગ સંબંધિત વ્યવસ્થાઓ વધુ મજબૂત બનશે. એકંદરે, લોકસભાનું ચોમાસુ સત્ર પડકારો અને સિદ્ધિઓનું સંયોજન રહ્યું. સતત વિરોધ છતાં મહત્વપૂર્ણ કાયદાકીય કામકાજ આગળ વધ્યું, જ્યારે કેટલાક મહત્વપૂર્ણ વિધેયકો રાજકીય મતભેદોના કારણે અટકી ગયા.

# સંઘર્ષ, સંપત્તિ અને સ્વાયત્તતા માટે ઝઝૂમતો એક અનોખો પ્રદેશ બલુચિસ્તાન

આજના સમયમાં બલુચિસ્તાન ફરી એક વખત આંતરરાષ્ટ્રીય ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં પાકિસ્તાનના સૌથી મોટા પ્રાંત બલુચિસ્તાનમાં સુરક્ષા દળો અને બલોચ સશસ્ત્ર સંગઠનો વચ્ચેના અથડામણોમાં વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૨૬ દરમિયાન વિવિધ વિસ્તારોમાં થયેલા હુમલા, સુરક્ષા દળોના વિશાળ અભિયાન, માર્ગો પર વધારાયેલા સૈન્ય બંદોબસ્ત અને સામાન્ય નાગરિકોના જીવન પર પડેલી અસરને કારણે સમગ્ર પ્રદેશ ફરી અશાંત બન્યો છે. એક તરફ પાકિસ્તાન સરકાર આ હિંસાને દેશની એકતા અને રાષ્ટ્રીય સુરક્ષા માટેનો ગંભીર પડકાર ગણાવીને કડક કાર્યવાહી કરી રહી છે, જ્યારે બીજી તરફ બલોચ રાષ્ટ્રવાદી સંગઠનો આ ચળવળને રાજકીય સ્વાયત્તતા, કુદરતી સંસાધનો પર સ્થાનિક હક્ક અને બલોચ લોકોના અધિકારો માટેનો સંઘર્ષ ગણાવે છે. આ વિરોધાભાસી દાવાઓ વચ્ચે સૌથી વધુ અસર સામાન્ય નાગરિકો પર પડી રહી છે.બલુચિસ્તાનનો પ્રશ્ન માત્ર કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો નથી. તેના મૂળમાં દાયકાઓથી ચાલતી રાજકીય અસંતોષની લાગણી, વિકાસમાં અસમાનતા, કુદરતી સંપત્તિના ઉપયોગ અંગેનો વિવાદ અને સાંસ્કૃતિક ઓળખ જાળવવાની ચિંતા રહેલી છે. આ કારણોસર અહીં સમયાંતરે સશસ્ત્ર બળવો થયો છે અને પાકિસ્તાની સેનાએ પણ મોટા પાયે સુરક્ષા અભિયાન હાથ ધર્યા છે. બંને પક્ષોના દાવા અને પ્રતિવાદ વચ્ચે સત્યનું સંપૂર્ણ ચિત્ર ઘણી વખત અસ્પષ્ટ રહે છે. તેમ છતાં એટલું સ્પષ્ટ છે કે બલુચિસ્તાનની સમસ્યાનો કાયમી ઉકેલ માત્ર સૈન્ય કાર્યવાહીથી શક્ય નથી. બલુચિસ્તાનનું મહત્વ સમજવા માટે તેના ઈતિહાસ પર નજર કરવી જરૂરી બને છે. દક્ષિણ એશિયાની સૌથી પ્રાચીન માનવ વસાહતોમાં સ્થાન ધરાવતું મહેરગઢ અહીં આવેલું છે, જેને વિશ્વની પ્રારંભિક કૃષિ સંસ્કૃતિઓમાંનું એક માનવામાં આવે છે. હજારો વર્ષ પહેલાં અહીંના લોકો ખેતી, પશુપાલન અને હસ્તકલા દ્વારા સુવ્યવસ્થિત જીવન જીવતા હતા. પુરાતત્ત્વીય પુરાવાઓ દર્શાવે છે કે તે સમયના લોકો સ્થાનિક વેપાર ઉપરાંત દૂરના પ્રદેશો સાથે પણ વેપાર કરતા હતા. આ કારણોસર બલુચિસ્તાન પ્રાચીન સમયથી જ વેપાર, સંસ્કૃતિ અને માનવ વિકાસનું મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું છે. ઈતિહાસના વિવિધ સમયગાળામાં બલુચિસ્તાન પર પર્શિયન સામ્રાજ્ય, મૌર્ય સામ્રાજ્ય, હેલેનિસ્ટિક શાસકો, કુષાણો, અરબો અને મધ્ય એશિયાના અનેક રાજવંશોની અસર જોવા મળી હતી. ઈરાન, અફઘાનિસ્તાન અને ભારતીય ઉપખંડ વચ્ચે આવેલા તેના વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાનને કારણે આ પ્રદેશ સદીઓથી વેપાર અને સૈન્ય દૃષ્ટિએ મહત્વનો રહ્યો છે. અહીંથી પસાર થતા વેપાર માર્ગોએ અનેક સંસ્કૃતિઓને જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. બલોચ લોકો પોતાની આગવી ભાષા, સંસ્કૃતિ અને પરંપરાઓ માટે જાણીતા છે. બલોચી ભાષા ઈરાની ભાષા પરિવારનો ભાગ છે. બલોચ સમાજમાં સ્થાનિક સ્વાયત્તતા, જાતિગત નેતૃત્વ અને પરંપરાગત સામાજિક વ્યવસ્થાને




વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. આ ઐતિહાસિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિએ બલોચ ઓળખને મજબૂત બનાવી છે, જે આજના રાજકીય આંદોલનોમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. બ્રિટિશ શાસન દરમિયાન બલુચિસ્તાનમાં અનેક સ્થાનિક રાજ્યો હતાં, જેમાં કલાતનું ખાનત સૌથી પ્રભાવશાળી માનવામાં આવતું હતું. બ્રિટિશ શાસકો માટે આ વિસ્તારનું મહત્વ માત્ર તેના ભૌગોલિક સ્થાન પૂરતું મર્યાદિત નહોતું, પરંતુ અફઘાનિસ્તાન અને ઈરાન તરફ જતાં વ્યૂહાત્મક માર્ગો પર નિયંત્રણ જાળવવા માટે પણ હતું.

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

તેથી બ્રિટિશોએ સીધા શાસન ઉપરાંત સ્થાનિક શાસકો સાથે કરારો કરીને પોતાનો પ્રભાવ જાળવી રાખ્યો હતો. ભારતના વિભાજન સમયે કલાતના ભવિષ્યને લઈને મહત્વપૂર્ણ રાજકીય પ્રશ્ન ઊભો થયો હતો. બલોચ રાષ્ટ્રવાદીઓનો દાવો છે કે કલાતે થોડા સમય માટે પોતાની સ્વતંત્રતાની ઘોષણા કરી હતી અને સ્વતંત્ર રાજ્ય તરીકે અસ્તિત્વમાં રહેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યારબાદ પાકિસ્તાન સાથે થયેલી વાટાઘાટો અને બદલાતી રાજકીય પરિસ્થિતિ વચ્ચે માર્ચ ૧૯૪૮માં કલાતનું પાકિસ્તાન સાથે વિલીનીકરણ થયું. પાકિસ્તાનનું કહેવું છે કે આ પ્રક્રિયા કાયદેસર અને બંધારણીય હતી, જ્યારે બલોચ રાષ્ટ્રવાદી સંગઠનો તેને દબાણ હેઠળ થયેલું વિલીનીકરણ માને છે. આ મતભેદ આજ સુધી બલુચિસ્તાનના રાજકીય વિવાદનું મુખ્ય કેન્દ્ર રહ્યો છે. વિલીનીકરણ પછી બલુચિસ્તાનમાં અસંતોષ અનેક વખત બળવાના સ્વરૂપમાં સામે આવ્યો. અલગ-અલગ દાયકાઓમાં વિવિધ સશસ્ત્ર સંગઠનો ઉભા થયા. કેટલાક સંગઠનો વધુ સ્વાયત્તતાની માંગ કરે છે, જ્યારે કેટલાક સંપૂર્ણ સ્વતંત્ર બલુચિસ્તાનની માંગ સાથે સક્રિય રહ્યા છે. બીજી તરફ પાકિસ્તાન સરકારનું માનવું છે કે આવા સશસ્ત્ર જૂથો દેશની અખંડિતતા સામે પડકાર ઊભો કરે છે અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા છે. આ બંને દૃષ્ટિકોણ વચ્ચેનો તણાવ દાયકાઓથી યથાવત રહ્યો છે. બલુચિસ્તાનનો સૌથી મહત્વનો મુદ્દો તેની કુદરતી સંપત્તિ છે. પ્રાંતમાં પ્રાકૃતિક ગેસ, કોપર, સોનું, કોલસો અને અન્ય કિંમતી ખનિજોના વિશાળ ભંડાર છે. તેમ છતાં સ્થાનિક લોકોનો મોટો વર્ગ એવો આક્ષેપ કરે છે કે આ સંપત્તિમાંથી મળતા લાભોનો પૂરતો હિસ્સો તેમને મળતો નથી. શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, માર્ગો અને રોજગારી જેવી મૂળભૂત સુવિધાઓના અભાવને કારણે લોકોમાં અસંતોષ વધ્યો છે. ઘણા વિશ્લેષકોના મતે વિકાસમાં અસમાનતા અને સંસાધનોના વહેંચણીનો પ્રશ્ન બલુચિસ્તાનની સમસ્યાના મુખ્ય કારણોમાંનો એક છે. તાજેતરના વર્ષોમાં ગ્વાદર બંદર અને ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (CPEC)ને કારણે બલુચિસ્તાનનું વ્યૂહાત્મક મહત્વ વધુ વધી ગયું છે. અરબી સમુદ્રના કિનારે આવેલું ગ્વાદર બંદર ચીન માટે વેપાર અને ઊર્જા પરિવહનના દૃષ્ટિકોણથી અત્યંત મહત્વનું માનવામાં આવે છે. આ પ્રકલ્પો હેઠળ રસ્તા, બંદરો, વીજ ઉત્પાદન અને અન્ય માળખાકીય સુવિધાઓના વિકાસ માટે મોટા પ્રમાણમાં રોકાણ કરવામાં આવ્યું છે. જોકે, બલોચ સંગઠનોનો દાવો છે કે આ વિકાસના લાભો સ્થાનિક લોકો સુધી પૂરતા પ્રમાણમાં પહોંચતા નથી. જમીન સંપાદન, રોજગારી અને સ્થાનિક ભાગીદારીના મુદ્દાઓને લઈને પણ અસંતોષ વ્યક્ત કરવામાં આવે છે. બીજી તરફ પાકિસ્તાન અને ચીનનું કહેવું છે કે આ પ્રકલ્પો સમગ્ર પ્રદેશના આર્થિક વિકાસ માટે આવશ્યક છે. ભારત માટે પણ બલુચિસ્તાનનું વ્યૂહાત્મક મહત્વ નોંધપાત્ર છે. અરબી સમુદ્ર, ગ્વાદર બંદર, અફઘાનિસ્તાન તરફ જતાં માર્ગો અને ચીનની વધતી હાજરીને કારણે ભારત આ વિસ્તારની પરિસ્થિતિ પર સતત નજર રાખે છે. ભારતે સમયાંતરે બલુચિસ્તાનમાં માનવાધિકાર સંબંધિત મુદ્દાઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. બીજી તરફ પાકિસ્તાન ભારત પર બલોચ સંગઠનોને સમર્થન આપવાનો આરોપ મૂકે છે, જેને ભારત સતત નકારી કાઢે છે. પરિણામે બલુચિસ્તાનનો પ્રશ્ન માત્ર પાકિસ્તાનનો આંતરિક મુદ્દો રહ્યો નથી, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયાના વ્યૂહાત્મક સંતુલન સાથે પણ જોડાઈ ગયો છે. આજની પરિસ્થિતિ સ્પષ્ટ કરે છે કે માત્ર સુરક્ષા અભિયાન ચલાવવાથી બલુચિસ્તાનમાં કાયમી શાંતિ સ્થાપિત થઈ શકશે નહીં. સ્થાનિક લોકોને વિશ્વાસમાં લેવું, વિકાસના લાભો સમાન રીતે પહોંચાડવા, રાજકીય ભાગીદારી સુનિશ્ચિત કરવી અને લોકશાહી પ્રક્રિયાને મજબૂત બનાવવી જરૂરી છે. બીજી તરફ સશસ્ત્ર હિંસા, બોમ્બ વિસ્ફોટો અને નિર્દોષ નાગરિકો પર થતા હુમલાઓ પણ કોઈ ટકાઉ ઉકેલ આપી શકતા નથી. લાંબા ગાળાની શાંતિ માટે તમામ પક્ષોએ સંવાદ, બંધારણીય પ્રક્રિયા અને લોકશાહી મૂલ્યો પર વિશ્વાસ મૂકવો અનિવાર્ય છે. બલુચિસ્તાનનો ઈતિહાસ દર્શાવે છે કે કુદરતી સંપત્તિ, વ્યૂહાત્મક સ્થાન અને ઐતિહાસિક વારસો કોઈપણ પ્રદેશને સમૃદ્ધ બનાવી શકે છે, પરંતુ જો વિકાસમાં સમાનતા, રાજકીય વિશ્વાસ અને માનવાધિકારોનું રક્ષણ ન હોય તો અસંતોષ લાંબા સમય સુધી જીવંત રહે છે. આજનો બલુચિસ્તાન પણ એવા જ ઐતિહાસિક વળાંક પર ઊભો છે. આ પ્રદેશનું ભવિષ્ય માત્ર સૈન્ય શક્તિથી નહીં, પરંતુ ન્યાયપૂર્ણ શાસન, પરસ્પર વિશ્વાસ, સમાન આર્થિક વિકાસ અને શાંતિપૂર્ણ સંવાદ દ્વારા જ વધુ સ્થિર, સુરક્ષિત અને સમૃધ્ધ બની શકે છે.

**ધરતી પર એવા પણ પ્રદેશો છે જે સદીઓથી પોતાના અસ્તિત્વ માટે સતત સંઘર્ષ કરી રહ્યા છે. આવો જ એક પ્રદેશ બલુચિસ્તાન છે જે પાકિસ્તાનનો સૌથી મોટો પ્રાંત હોવા છતાં પાકિસ્તાનનો નથી! એ પાકિસ્તાનથી સ્વાયત થવા ઝઝૂમી રહ્યો છે.**

## શબ્દ સંજોગ-૨૨૪૪



**આડી ચાવી :**
(૧) નીપજ, પવિત્ર (૨)
(૩) નાસ્તિક મતનો પ્રવર્તક (૩)
(૫) ઘર-ઓફિસમાં આ તો ચોક્કસપણે હોય જ (૨)
(૯) થીંગડાવાળુ (૪)
(૧૧) વચ્ચે આંતરાની જેમ આવેલુ, ઢંકાયેલુ (૪)
(૧૩) રાબ, ખેળ, લાહી (૨)
(૧૫) ઉધ્ધાર કરનાર, તારો (૩)
(૧૭) લાકડાની ઝીણી કરચ (૨)
(૧૮) રક્ષણ, રાખડી (૨)
(૧૯) મેથીની જાતનું ઘાસ (૩)
(૨૧) ગ્રંથની નકલ, મૂળ લખાણ (૨)
(૨૩) ઉધારેલી રકમ, ખરચ (૩)
(૨૫) ગાયને ગળે લટકતી ગોદડી જેવી ચામડી (૫)
(૨૩) નમન, વંદન (૪)
(૨૫) આદરપૂર્વક, માનસહિત (૩)
(૨૮) મેયર (૫)
(૨૯) બીક, ધ્રુજારી (૩)

**ઉભી ચાવી :**
(૧) વસતી કે વનસ્પતિ વિનાનુ, ઉજ્જડ (૩)
(૨) ક્રિયા, પ્રવૃતિ (૨)
(૩) મશ્કરી ખાતર કોઈનું અનુકરણ કે નકલ કરવી તે (૨)
(૪) કહેલુ કે વર્ણવેલુ (૩)
(૫) શાસ્ત્રમાં નિષ્ણાત પુરૂષ (૩)
(૬) ઘોડિયાની ખોઈ (૨)
(૮) આબરૂ, અટક (૨)
(૧૦) મોટાઈ, પ્રોઢતા (૩)
(૧૧) એક સૂકો મેવો (૩)
(૧૨) જમીનનો ખાડો માટીથી પુરાય છે, પેટનો ભોજનથી પણ લોભનો ખાડો તો એની ...કરવાથી જ પુરાય છે. (૩)
(૧૩) પ્રિયા, પત્ની (૨)
(૧૪) કવિતાની તૂકને અંતે અક્ષર મળતા આવવા તે (૨)
(૧૬) હથેળી (૪)
(૧૭) તોર, અભિમાન (૨)
(૧૮) હિજરી સનનો નવમો માસ (૪)
(૨૦) એક દેવ (૩)
(૨૧) આગળ વધવુ તે (૩)
(૨૨) દેશ, પ્રદેશ (૩)
(૨૪) પક્ષ, તરફેણ (૨)
(૨૬) પિયુ, પતિ (૨)
(૨૭) મોટં (૨)

## શબ્દ સંજોગ-૨૨૪૩ જવાબ

**આડી ચાવી:** (૧) કદરદાન (૪) સર (૬) મન (૭) અપમાન (૯) ટન (૧૧) પણ (૧૨) કમાણી (૧૩) મરજીવો (૧૫) વાણ (૧૬) રંજ (૧૯) શ્યામ (૨૦) ગટર (૨૧) લવ (૨૩) નમસ્કાર (૨૫) સાદર (૨૭) માયાળુ (૨૮) જરા (૨૯) માવો.
**ઉભી ચાવી:** (૧) કર્ણાટક (૨) રમ (૩) દાનત (૪) સમા (૫) રનવા(વાનર) (૭) અપર (૮) પણજી (૧૦) નમાલુ (૧૩) મણ (૧૪) વોરંટ (૧૫) વામન (૧૭) જરદાળુ (૧૮) વલસાડ (૨૦) ગરમાવો (૨૨) વદ (૨૪) મણ (૨૬) રજ.

# સૌરાષ્ટ્ર માર્કેટીંગયાર્ડ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૬૦૦ | ૧૯૨૬ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૫૦૫ | ૬૦૦ |
| જુવાર સફેદ | ૧૦૫૦ | ૧૨૭૦ |
| જુવાર લાલ | ૧૦૭૦ | ૧૩૦૦ |
| જુવાર પીળી | ૪૪૧ | ૫૨૦ |
| બાજરી | ૩૭૬ | ૪૭૨ |
| તુવેર | ૧૧૪૦ | ૧૫૫૦ |
| ચણા પીળા | ૧૦૧૦ | ૧૨૩૯ |
| ચણા સફેદ | ૧૨૭૫ | ૧૭૩૬ |
| અડદ | ૧૪૧૫ | ૧૮૫૮ |
| મગ | ૧૧૩૫ | ૧૬૮૮ |
| વાલ દેશી | ૭૩૦ | ૧૦૩૦ |
| ચોળી | ૧૧૩૦ | ૧૫૨૫ |
| વટાણા | ૫૫૦ | ૯૬૫ |
| કળથી | ૪૫૦ | ૫૮૧ |
| રાજમા | ૮૦૦ | ૧૮૧૫ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૬૭૦ |
| મગફળી જીણી | ૧૨૭૦ | ૧૫૩૫ |
| તલી | ૧૭૦૦ | ૨૫૩૧ |
| એરંડા | ૧૩૩૫ | ૧૪૧૩ |
| અજમો | ૧૮૫૦ | ૨૭૦૧ |
| સુવા | ૧૩૭૫ | ૧૫૦૦ |
| સોયાબીન | ૧૨૪૬ | ૧૩૯૦ |
| સીંગફાડા | ૧૫૦૦ | ૧૭૮૦ |
| કાળા તલ | ૨૪૫૦ | ૩૭૦૦ |
| લસણ | ૧૦૭૧ | ૨૪૮૦ |
| ધાણા | ૨૭૨૦ | ૩૦૨૦ |
| ધાણી | ૨૭૦૦ | ૩૦૬૦ |
| વરીયાળી | ૧૫૧૫ | ૨૧૨૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૯૨૦ |
| રાય | ૧૩૫૦ | ૧૮૭૫ |
| મેથી | ૯૫૦ | ૧૭૫૦ |
| અશેરીયો | ૧૧૫૦ | ૧૨૪૧ |
| કલોંજી | ૩૩૦૦ | ૩૬૪૦ |
| રાયડો | ૧૨૫૦ | ૧૫૩૦ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૨૫૦૧ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૫૧ |

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| લીંબુ | ૪૨૧ | ૮૨૮ |
| પપૈયા | ૨૨૬ | ૪૧૯ |
| બટેટા | ૯૦ | ૨૯૭ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૪૨૫ |
| ટમેટા | ૪૨૫ | ૬૭૬ |
| સુરણ | ૮૨૨ | ૧૦૧૫ |
| કોથમરી | ૫૮૫ | ૧૦૦૫ |
| મુળા | ૩૫૪ | ૫૪૧ |
| રીંગણા | ૧૫૪ | ૩૪૧ |
| કોબીજ | ૩૧૧ | ૪૭૭ |
| ફ્લાવર | ૬૦૧ | ૭૯૮ |
| ભીંડો | ૯૪૫ | ૧૪૨૨ |
| ગુવાર | ૧૨૦૭ | ૧૯૩૨ |
| ચોળાસીંગ | ૭૧૧ | ૧૧૮૧ |
| ટીંડોળા | ૫૧૧ | ૭૨૪ |
| દુધી | ૩૧૫ | ૫૨૭ |
| કારેલા | ૫૫૪ | ૭૮૬ |
| સરગવો | ૬૨૫ | ૧૨૩૪ |
| તુરીયા | ૭૬૨ | ૧૨૧૨ |
| પરવર | ૮૭૧ | ૧૨૩૪ |
| કાકડી | ૩૮૧ | ૬૧૯ |
| ગાજર | ૩૧૩ | ૫૨૧ |
| વટાણા | ૧૬૨૬ | ૨૮૨૩ |
| ગલકા | ૪૨૪ | ૭૭૬ |
| બીટ | ૩૬૯ | ૫૭૧ |
| મેથી | ૯૫૪ | ૧૫૮૮ |
| ડુંગળી લીલી | ૬૦૩ | ૮૧૧ |
| આદુ | ૧૮૨૩ | ૩૧૧૨ |
| મરચા લીલા | ૫૮૬ | ૮૭૩ |
| મકાઇ લીલી | ૧૮૨ | ૩૭૯ |

| ગોંડલ | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૯૧૧ |
| ઘઉં લોકવન | ૫૨૪ | ૫૬૮ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૨૨ |
| મગફળી જીણી | ૯૫૧ | ૧૩૨૬ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૫૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૩૧ |
| એરંડા / એરંડી | ૧૨૭૧ | ૧૪૧૬ |
| તલ લાલ | ૨૪૪૧ | ૨૫૦૧ |
| જીરૂ | ૨૬૦૧ | ૩૯૮૧ |
| ક્લંજી | ૨૬૦૧ | ૩૬૨૧ |
| ધાણા | ૨૩૦૧ | ૩૦૫૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૨૦૫૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૫૦૧ |
| અડદ | ૮૦૦ | ૧૮૫૧ |
| તુવેર | ૯૦૦ | ૧૫૮૧ |
| રાયડો | ૧૨૬૧ | ૧૨૬૧ |
| રાય | ૧૬૪૧ | ૧૭૬૧ |
| મેથી | ૯૭૬ | ૧૫૭૬ |
| કાંગ | ૬૦૧ | ૬૮૧ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૮૧ |
| તલ - તલી | ૧૯૦૧ | ૨૫૯૧ |
| ધાણી | ૨૪૦૧ | ૩૦૭૧ |
| બાજરો | ૩૪૧ | ૩૫૧ |
| જુવાર | ૯૩૧ | ૯૩૧ |
| મકાઇ | ૩૮૧ | ૩૮૧ |
| મગ | ૧૦૫૧ | ૧૭૩૧ |
| વાલ | ૫૭૬ | ૧૦૫૧ |
| ચોળા / ચોળી | ૫૨૬ | ૧૦૦૦ |
| સોયાબીન | ૧૨૫૧ | ૧૩૦૧ |
| ગોગળી | ૮૦૧ | ૧૩૩૧ |
| વટાણા | ૪૦૦ | ૮૮૧ |

| ગોંડલ (શાકભાજી) | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૨૦ |
| ગુવાર | ૧૮૦ | ૨૨૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૪૦ |
| દુધી | ૨૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૨૫૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૨૮૦૦ |
| બટેટા | ૧૩૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૮ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૫ | ૬ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| પચકારુ | ૧૫૦ | ૨૦૦ |
| ચ્રૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૧૬૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૨ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| સરગવો પુરા | ૪૦ | ૬૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૧૮૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૨૦૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૮૦ | ૨૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૪ | ૮ |

| અમરેલી | | |
|---|---|---|
| શિંગ મોટી | ૯૦૦ | ૧૨૭૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૯૪૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૨૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૮૫૦ |
| તલ કાશમીરી | ૨૦૦૦ | ૨૩૬૦ |
| બાજરો | ૩૦૦ | ૪૫૦ |
| જુવાર | ૩૦૦ | ૧૧૫૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૫૦ |
| મગ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૬૫ |
| સફેદ ચણા | ૯૧૫ | ૧૧૮૦ |
| તુવેર | ૯૮૦ | ૧૫૨૦ |
| વાલ | ૮૮૫ | ૮૮૫ |
| કપાસ | ૮૭૦ | ૧૯૭૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૮૫ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૮૬૫ |
| રાય | ૮૦૦ | ૧૭૨૦ |
| ધાણી | ૨૫૦૦ | ૩૦૬૫ |
| અજમા | ૮૦૦ | ૩૧૨૦ |
| મેથી | ૧૦૫૫ | ૧૩૪૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૩૫૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૧૭૩૬ |

| અમરેલી (શાકભાજી) | | |
|---|---|---|
| બટેટા | ૧૬૦ | ૨૩૦ |
| રીંગણા | ૬૦૦ | ૧૦૦૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૪૫૦ |
| શકકરીયા | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૬૦ |
| સુરણ | ૯૨૦ | ૯૯૦ |
| ગાજર | ૫૭૦ | ૬૮૦ |
| દુધી | ૪૦૦ | ૪૫૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૫૦ |
| શીંગ ઓળા | ૮૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૫૨૦ | ૭૨૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૨૭૦૦ | ૨૮૦૦ |
| ચોળા લીલા | ૯૦૦ | ૧૦૫૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| ચીભડા | ૫૫૦ | ૧૦૨૦ |
| ભીંડો | ૯૧૦ | ૧૦૨૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૬૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૮૫૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ફોદીનો | ૮૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૫૦ | ૫૫૦ |
| સરગવો | ૧૦૨૦ | ૧૧૯૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૫૫૦ |
| લસણ સુકું | ૧૫૦૦ | ૨૫૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| લીબુ | ૪૫૦ | ૬૫૦ |
| મકાઈ | ૩૨૦ | ૩૮૦ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૩૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૭૦૧ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૦૦૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૭૧૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૫૪ |
| બાજરો | ૩૯૦ | ૫૬૦ |
| જુવાર | ૮૫૦ | ૧૨૦૦ |
| મગ | ૧૨૫૦ | ૧૪૭૦ |
| ચણા | ૧૧૩૦ | ૧૨૫૦ |
| દેશી ચણા | ૧૧૫૦ | ૧૨૨૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ધાણા | ૨૬૦૦ | ૩૦૭૦ |

| ધારી | | |
|---|---|---|
| ઘઉં | ૫૦૮ | ૫૨૮ |
| દાણા | ૧૯૧૦ | ૧૯૧૦ |
| બાજરો | ૪૧૦ | ૪૧૦ |
| મગ | ૧૧૧૦ | ૧૫૨૬ |

| બગસરા | | |
|---|---|---|
| મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ઘઉ લોકવન | ૪૫૦ | ૫૦૨ |
| જુવાર | ૧૦૫૫ | ૧૦૫૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૦૫ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૧૯૫૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૩૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૩૫ |
| જીરૂ | ૩૧૯૦ | ૩૨૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૩૭૯ |
| મેથી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ઈસબગુલ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ધાણા | ૨૯૦૦ | ૨૯૭૦ |

| બાબરા | | |
|---|---|---|
| કપાસ | ૧૬૨૦ | ૧૯૨૫ |
| તલ કાળા | ૨૯૯૫ | ૩૨૫૦ |
| જીરૂ | ૩૨૨૦ | ૩૮૦૫ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૪૮ |
| ઘઉ | ૪૯૫ | ૫૨૬ |
| મગ | ૧૪૦૦ | ૧૫૯૫ |

| ભેંસાણ | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૯૩૬ |
| ઘઉં | ૩૦૦ | ૫૪૦ |
| જુવાર | ૮૭૬ | ૮૭૬ |
| મકાઈ | ૩૯૬ | ૩૯૬ |
| મગ | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ચણા | ૮૦૧ | ૧૨૩૬ |
| વાલ | ૭૩૬ | ૭૩૬ |
| ચોળી | ૭૦૦ | ૭૦૦ |
| અડદ | ૮૧૧ | ૮૧૧ |
| તુવેર | ૭૫૧ | ૧૪૪૬ |
| મગફળી | ૭૦૦ | ૯૧૧ |
| શીંગદાણા | ૧૫૦૧ | ૧૯૫૬ |
| શીંગફાડા | ૧૬૭૧ | ૧૬૭૧ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૨૪૭૬ |
| તલ કાળા | ૧૭૨૧ | ૩૧૦૧ |
| ધાણા | ૧૫૫૧ | ૧૯૪૬ |
| રજકાનું બી | ૯૦૧ | ૧૨૯૬ |

| મહુવા | | |
|---|---|---|
| શીંગ મગડી | ૧૧૦૦ | ૧૪૫૮ |
| શીંગ મીનાક્ષી | ૧૨૧૦ | ૧૩૦૦ |
| જુવાર | ૩૦૦ | ૧૧૭૧ |
| બાજરી | ૩૮૫ | ૫૧૨ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૫૮ |
| મેથી | ૯૧૫ | ૧૩૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મગ | ૨૦૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૧૩૫૩ | ૧૩૫૩ |
| ચણા | ૧૦૩૫ | ૧૨૬૮ |
| તલ સફેદ | ૨૩૨૦ | ૨૫૦૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૫૬૫ |
| તુવેર | ૧૨૮૦ | ૧૨૮૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| ડુંગળી લાલ | ૭૦ | ૫૫૬ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૩૮૫ |
| નાળીયેર | ૩૧૦ | ૨૩૮૨ |

| કોડીનાર | | |
|---|---|---|
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૨૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૭૩ |
| જુવાર | ૧૦૪૦ | ૧૧૦૦ |
| અડદ | ૧૮૦૦ | ૧૯૨૭ |
| મગ | ૧૨૦૦ | ૧૭૭૦ |
| ચણા | ૧૦૪૦ | ૧૨૨૬ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૩૫૦ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૬૪૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૭૪ |

| જામનગર | | |
|---|---|---|
| જુવાર | ૧૦૦૦ | ૧૦૬૫ |
| બાજરી | ૪૩૦ | ૪૬૦ |
| ઘઉં | ૪૨૦ | ૫૪૫ |
| મગ | ૧૫૭૫ | ૧૬૪૦ |
| તુવેર | ૯૫૦ | ૧૨૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૬૫ |
| મકાઈ | ૫૦૦ | ૫૧૦ |
| ચણા | ૧૦૬૫ | ૧૨૬૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૮૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| તલી | ૨૧૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૬૦૦ |
| લસણ | ૮૦૦ | ૨૦૦૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૨૫ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૪૩૦ |
| ડુંગળી નાસિક | ૪૫૦ | ૫૯૦ |
| શીંગદાણા | ૧૪૫૦ | ૧૯૮૫ |

| રાજુલા | | |
|---|---|---|
| તલ સફેદ | ૨૩૦૧ | ૨૫૫૧ |
| તલ કાળા | ૨૩૦૦ | ૨૭૫૧ |
| બાજરો | ૪૦૦ | ૫૧૪ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૬૦ |
| જુવાર | ૭૦૦ | ૧૨૩૨ |
| મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૭૦૧ | ૧૯૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૧૨ |
| ધાણા | ૨૪૦૦ | ૨૪૦૦ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૧૨૫૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સુરેન્દ્રનગરના રતનપર વિસ્તારમાં પોલીસ કર્મચારીના ઘરમાંથી ગેરકાયદેસર ડબ્બા ટ્રેડિંગ કૌભાંડ ઝડપાયું

સુરેન્દ્રનગર,તા.૦૬

સુરેન્દ્રનગરના રતનપર વિસ્તારમાં એક એએસઆઇ સંજયસિંહ રાઠોડના ઘરમાંથી કરોડો રૂપિયાનું ગેરકાયદેસર ડબ્બા ટ્રેડિંગ કૌભાંડ ઝડપાયું છે. જેતપુર પોલીસ દ્વારા હાથ ધરાયેલી પ્રાથમિક તપાસમાં ૨૯ મોબાઈલ, ૧૦ લેપટોપ અને ૫૦થી વધુ સીમકાર્ડ જપ્ત કરાયા છે. આ ઉપકરણોમાંથી રૂ. ૧૦૦ કરોડથી વધુના



બેનામી નાણાકીય વ્યવહારો મળી આવ્યા છે. આ ગેરકાયદેસર નેટવર્ક છેલ્લા ત્રણ વર્ષથી સક્રિય હતું અને મુંબઈ, હૈદરાબાદ તેમજ ચેન્નઈ જેવા શહેરોના બ્રોકરો સાથે જોડાયેલું હતું.

આ કૌભાંડના નાણાકીય વ્યવહારો સ્થાનિક આંગડિયા પેઢીઓ મારફતે થતા હોવાનું સામે આવ્યું છે. જેથી આગામી સમયમાં આંગડિયા પેઢીઓ પર દરોડા પડે તેવી શક્યતા છે. ઘટનામાં સંજયસિંહ રાઠોડને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી), એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) અને સેબી (SEBI) જેવી મુખ્યાલય એજન્સીઓ આ મામલે કડક કાર્યવાહી હાથ ધરી શકે છે.

# આંબરડી શાળામાં સ્ટાન્ડર્ડ ક્લબ હેઠળ જ્ઞાનવર્ધક સ્પર્ધાઓ યોજાઈ

અમરેલી,તા.૦૬

આંબરડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના સ્ટાન્ડર્ડ ક્લબના ઉપક્રમે વિદ્યાર્થીઓમાં જ્ઞાનપિપાસા, વૈજ્ઞાનિક અભિગમ અને સર્જનાત્મક ચિંતન વિકસે તે હેતુથી વિવિધ જ્ઞાનવર્ધક અને સર્જનાત્મક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમમાં સ્ટાન્ડર્ડ પ્રમોશન કોઓર્ડિનેટર અભિનવ સિંધ તથા મેનેજિંગ ટ્રસ્ટી દીપકભાઈ માલાણી ઉપસ્થિત




રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યુ હતું. સ્પર્ધાઓનુ આયોજન કોમર્સ શિક્ષક દીપકભાઈ વીરડા દ્વારા કરવામાં આવ્યુ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય એમ. ડી. માલવિયાએ મહેમાનોનું સ્વાગત કરી વિદ્યાર્થીઓને જ્ઞાન, શિસ્ત અને મૂલ્યલક્ષી શિક્ષણ તરફ આગળ વધવા પ્રેરણા આપી હતી. મહાનુભાવોએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે નવી વિચારસરણી, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને તાર્કિક વિચારશક્તિ આજના સમયમાં સફળતાનો આધાર છે. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન IEDSS શિક્ષક જતીનભાઈ ઉપાધ્યાયે કર્યું હતું. શિક્ષકો અને સ્ટાફના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો અને વિદ્યાર્થીઓની પ્રતિભાને નવી દિશા મળી હતી.

# સુરતમાં હિટ એન્ડ રનની ઘટનામાં વિદ્યાર્થિનીનું મોત

સુરત,તા.૦૬

સુરતમાં સિવિલ હોસ્પિટલ નજીકના બ્રિજ પર ફરી એકવાર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. ૨૨ વર્ષીય સ્નેહા ધોરી ઈલેક્ટ્રિક મોપેડ લઈને કોલેજે જતી હતી, ત્યારે એક કારચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં સ્નેહા નીચે પટકાઈ હતી અને કારચાલક ત્યાંથી વાહન લઈને ફરાર થઈ ગયો હતો. હોસ્પિટલમાં સારવાર દરમિયાન યુવતીનું મોત થયું છે.મૃતક ભણવામાં ખૂબ જ હોંશિયાર હતી. તે સાયકોલોજીમાં માસ્ટર ડિગ્રી મેળવી રહી હતી અને ભવિષ્યમાં સાઈકિયાટ્રિસ્ટ બની સમાજસેવા કરવાનું સ્વપ્ન સેવી રહી હતી. તેના પિતા એમ્બ્રોઈડરીના કારખાનેદાર છે.

# લીલીયા કોલેજ ખાતે ૧૫ દિવસીય એડવાન્સ AI કોર્સનો થયો પ્રારંભ

લીલીયા,તા.૦૬

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, લીલીયા ખાતે ઈનોવેશન ક્લબ અને નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) ના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે ૧૫ દિવસીય ઓનલાઈન એઆઈ (AI) કોર્સ શરૂ થયો છે. આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડના નેતૃત્વ



અને ડૉ. મહેશ એસ. ગઢીયાના સંકલન હેઠળ આયોજિત આ કોર્સમાં ૨૪ વિદ્યાર્થીઓ જોડાયા છે.''એપ્લિકેશન્સ ઓફ એજન્ટિક એઆઈ ફોર નોન-ટેક આંત્રપ્રિન્યોર્સ ૨.૦'' વિષય પર આધારિત આ ૩૦ કલાકનો સંપૂર્ણ નિઃશુલ્ક વર્કશોપ ૩ થી ૧૯ ઓગસ્ટ દરમિયાન યોજાશે. આ તાલીમનો મુખ્ય હેતુ આર્ટ્સ અને કોમર્સના વિદ્યાર્થીઓમાં ઈનોવેશન તેમજ સર્જનાત્મકતા વધારવાનો છે. તાલીમ બાદ વિદ્યાર્થીઓ કેપસ્ટોન પ્રોજેક્ટ રજૂ કરશે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજી સાથે જોડવાનો આ પ્રયાસ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે અત્યંત ઉપયોગી નિવડશે.

# મારામારીના આરોપીઓને નિર્દોષ છોડવતા વકીલ એસ.આર.કાતરીયા

અમરેલી,તા.૦૬

અમરેલી કોર્ટમાં ચાલી રહેલા કેસમાં વકીલ એસ.આર. કાતરીયાની ધારદાર દલીલથી આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે. જેમા અમરેલી સિટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૩૨૪૦૩૫૧/૨૦૨૪થી ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ની કલમ ૨૪૮(૧) અન્વયે આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબની ફરિયાદ દાખલ થતા આરોપીઓ ઈરફાન ઉર્ફે ડોન, રહિમભાઈ મીઠાણી તથા રાહુલ ઉર્ફે ઘુઘો, રમેશભાઈ વાઘેલાની અટક કરી નામદાર અદાલતમાં રજુ કરવામાં આવેલ અને આરોપીઓને જયુડિશ્યલ કસ્ટડીમાં મોકલવામાં આવેલ અને ત્યારબાદ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટની અદાલતમાં બંને આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરેલો હતો. ઉપરોકત કેસના કામે આરોપીઓ તર્ફે વકીલ સંજયભાઈ આર. કાતરીયા રોકાયેલા હતા.

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.276/2026
જન્મ તારીખ: 12/03/1992

હરિભાઈ સગરામભાઈ ઝાલા,
રહે. કાજ, ગામ-કાજ, તાલુકો-કોડીનાર
જિલ્લો- ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કાજ, તા, કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હરિભાઈ સગરામભાઈ ઝાલા, રહે.કાજ, તાલુકો-કોડીનાર જિલ્લો- ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી હરિભાઈ સગરામભાઈ ઝાલા તથા જયાબેન હરિભાઈ ઝાલા ના પુત્ર ઝાલા પ્રજ્ઞેશકુમાર હરીભાઈનો જન્મ તારીખ 12/03/1992ના રોજ કોડીનાર તાલુકાના કાજ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.04/08/ 2026નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# આજે રાજ્ય આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાના હસ્તે સાવરકુંડલામાં આરોગ્ય વિકાસના ત્રણ પ્રકલ્પોનું લોકાર્પણ- ખાતમુહૂર્ત

સાવરકુંડલા,તા.૦૬

સાવરકુંડલા તાલુકામાં આરોગ્ય સુવિધાઓને વધુ મજબૂત બનાવવાના હેતુથી શુક્રવાર, તા. ૦૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રાજ્યના આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમ અંતર્ગત સવારે ૮:૩૦ કલાકે જુના સાવર ખાતે નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવશે. ત્યારબાદ સવારે ૯:૪૫ કલાકે સાવરકુંડલાની કે.કે. મહેતા સરકારી હોસ્પિટલના નવા વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત યોજાશે. બપોરે ૧૨:૦૦ કલાકે આંબરડી ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમોમાં સ્થાનિક જનપ્રતિનિધિઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહેશે. આ પ્રકલ્પોથી વિસ્તારના લોકોને વધુ સુલભ, આધુનિક અને ગુણવત્તાસભર



આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# સુરત શહેર ખાતે સરસીયા ગામની સાસરે વસેલી દીકરીઓનું પ્રથમ સ્નેહમિલન યોજાયું

સુરત,તા.૦૬

સુરત ખાતે સરસીયા ગામની સાસરે વસેલી દીકરીઓનું પ્રથમ સ્નેહમિલન આન-બાન અને શાનથી યોજાયું હતું. આ પ્રસંગે સરસીયા શ્યામ ધામના મહંત શ્યામ બાપુએ હાજરી આપી તમામ દીકરીઓને સ્મૃતિ ચિન્હ અને આશીર્વાદ અર્પણ કર્યા હતા. કાર્યક્રમમાં જીતુભાઈ શેલડીયા, અમિતભાઈ બાબરીયા અને અરુણભાઈ મૂછાળા જેવા અગ્રણીઓએ પ્રેરણાદાયી વક્તવ્ય આપી દીકરીઓને સાડી ભેટ આપી હતી. પટેલ સમાજ



તસવીર : સંજય વાળા

તરફથી આર્થિક પ્રોત્સાહન આપી મહેશભાઈ નાકરાણીએ સન્માન સ્વીકાર્યું હતું. આશરે ૪૦૦ દીકરીઓએ કુમકુમ તિલકથી આવકાર મેળવી જૂની યાદો તાજી કરી હતી. મહિલાઓ દ્વારા જાતે કરાયેલા આ સફળ આયોજને સમાજમાં આત્મનિર્ભરતા, સંસ્કાર અને નારીશક્તિનો સુંદર સંદેશ પાઠવ્યો હતો.

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.279/2026
જન્મ તારીખ : 01/06/1961

વાઢેળ વાલીબેન ઉકાભાઈ,
રહે.પીપળી, ગામ-પીપળી, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત પીપળી, તા. કોડીનારકોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વાઢેળ વાલીબેન ઉકાભાઈ, રહે.પીપળી, તાલુકો-કોડીનાર, જીલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી વાઢેળ ઉકાભાઈ મસરીભાઈ તથા વાઢેળ વાલીબેન ઉકાભાઈ ના પુત્ર વાઢેળ ભાણજીભાઈ ઉકાભાઈનો જન્મ તારીખ 01/06/1961ના રોજ કોડીનાર તાલુકાના પીપળી મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.06/08/ 2026ના રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.47/2026
જન્મ તારીખ: 22/05/1984

ઈમાબેન મુળાભાઈ ચુડાસમા,
રહે. ઘાંટવડ, ગામ-ઘાંટવડ, તાલુકો-કોડીનાર
જિલ્લો- ગીર સોમનાથ
એમ.બી.વાઝા, કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઈમાબેન મુળાભાઈ ચુડાસમા, રહે.ઘાંટવડ, ગામ-ઘાંટવડ તાલુકો-કોડીનાર જિલ્લો- ગીર સોમનાથ વાળાએ તેમના પતિ સ્વ. મુળાભાઈ દુદાભાઈ ચુડાસમાનું મરણ તારીખ 22/05/1984ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૪ માહે ઓગષ્ટ સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ—પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમને અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ભોરીંગડા ગામે ખેડુત ખાતા નં-૭૯૫ ની ખેતીના માલીકશ્રી નરેશભાઈ ગોવિંદભાઈ માંગુકિયા ના સ્વતંત્ર નામે સ.નં-૨૫ (જુનો સ.નં-૧૩૮/ પૈકી ૨) ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૦-૮૪—૮૯, આકાર-૩.૬૦ વાળી ''ગાગડીયો'' ખેતર તરીકે ઓળખાતી ખેતીની જુની શરતની જમીન આવેલ છે. તેમજ આ જમીનના ૭/૧૨ માં શ્રી અ.જી.મ.સ.બેંક ક્રાંકચ શાખાનો રૂા.૧૨,૦૦,૦૦૦/— નો બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

(૨) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ભોરીંગડા ગામે ખેડુત ખાતા નં-૩૨૯ ની ખેતીના માલીકો-(૧) જોગાણી કાંતીભાઈ નારણભાઈ(૨) જોગાણી મંજુલાબેન કાંતિભાઈ (૩) જોગાણી મનિષભાઈ કાંતિભાઈ (૪) જોગાણી મનોજભાઈ કાંતિભાઈ (૫) જોગાણી સંજયભાઈ કાંતીભાઈ ના સંયુક્ત નામે સ.નં-૩૮ (જુનો સ.નં-૧૩૪ પૈકી ૩) ક્ષેત્ર.હે.આરે.ચોમી.૧—૪૪-૪૬, આકાર-૬.૦૫ વાળી ''ગાગડીયો'' ખેતર તરીકે ઓળખાતી ખેતીની જુની શરતની જમીન આવેલ છે. તેમજ આ જમીનના ૭/૧૨ માં કેરાળા સે.સ.મં.લી નો રૂા.૯,૬૪,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલિક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હુક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનિક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોક્ત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૬/૮/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.273/2026
જન્મ તારીખ: 04/01/2023

પ્રવિણભાઈ ઉકાભાઈ બાંભણીયા,
રહે. પ્રશનાવડા, ગામ-પ્રશનાવડા, તાલુકો-કોડીનાર
જિલ્લો- ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તા. કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પ્રવિણભાઈ ઉકાભાઈ બાંભણીયા, રહે.પ્રશનાવડા, તાલુકો-કોડીનાર જિલ્લો- ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી પ્રવિણભાઈ ઉકાભાઈ બાંભણીયા તથા જશીબેન ઉકાભાઈ બાંભણીયા ના પુત્રી ઉર્વિશાનો જન્મ તારીખ 04/01/2023ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. 04/08/ 2026નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.236/2026
જન્મ તારીખ: 01/06/1972

કરશનભાઈ નારણભાઈ ગોહિલ,
રહે પીપળી, ગામ-પીપળી, તાલુકો-કોડીનાર
જિલ્લો- ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત પીપળી, તા, કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કરશનભાઈ નારણભાઈ ગોહિલ, રહે. પીપળી, તાલુકો-કોડીનાર જિલ્લો- ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ધીરૂભાઈ નારણભાઈ ગોહિલ તથા લક્ષ્મીબેન ધીરૂભાઈ ગોહિલ ના પુત્ર જીતેન્દ્રભાઈ ધીરૂભાઈ ગોહિલનો જન્મ તારીખ 01/06/1972ના રોજ કોડીનાર તાલુકાના પીપળી મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.07/07/ 2026નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.267/2026
જન્મ તારીખ: 26/01/2001

સોલંકી દેવીબેન દેવજીભાઈ,
રહે મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર
જિલ્લો- ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા, કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સોલંકી દેવીબેન દેવજીભાઈ, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર જિલ્લો- ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી દેવજીભાઈ કરશનભાઈ સોલંકી તથા દેવીબેન ના પુત્ર સોલંકી કલાબેન દેવજીનો જન્મ તારીખ 26/01/2001ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.04/08/ 2026નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.266/2026
જન્મ તારીખ: 21/09/1998

સોલંકી દેવીબેન દેવજીભાઈ,
રહે મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર
જિલ્લો- ગીર સોમનાથ

......... અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા, કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સોલંકી દેવીબેન દેવજીભાઈ, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર જિલ્લો- ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી દેવજીભાઈ કરશનભાઈ સોલંકી તથા દેવીબેન ના પુત્ર સોલંકી પ્રભુદાસ દેવજીનો જન્મ તારીખ 21/09/1998ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.04/08/ 2026નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# સંસદમાં વિરોધ વચ્ચે રિજિજુ-રાહુલ વચ્ચે સીમાંકન અને મહિલા અનામત પર ચર્ચા

નવી દિલ્હી,તા.૦૬

સંસદના ચોમાસુ સત્રમાં ગતિરોધ વચ્ચે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સાથે ફોન પર વાત કરી હતી. રિજિજુએ સ્પષ્ટ કર્યું કે સીમાંકન બિલના સમર્થનથી મહિલા અનામત બિલના અમલનો માર્ગ સરળ બનશે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે તેઓ આ મુદ્દે કોંગ્રેસ અને ભારત




ગઠબંધનના સાથી પક્ષો સાથે ચર્ચા કર્યા પછી જ સરકારને પોતાનું વલણ જણાવશે.

સંસદ કૂચ દરમિયાન વિદ્યાર્થીઓ પર થયેલા કથિત લાઠીચાર્જ અંગે વિપક્ષ ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માંગ પર અડગ રહ્યો. સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષના વર્તન સામે નારાજગી દર્શાવી હતી. રાજ્યસભામાં મલ્લિકાર્જુન ખડગે અને રિજિજુ વચ્ચે બોલાચાલી થઈ, જેના કારણે ગૃહ વારંવાર સ્થગિત કરવું પડ્યું.

ભારે વરસાદ વચ્ચે વિપક્ષી પક્ષોએ સંસદના મકર દ્વાર પર વિરોધ દર્શાવ્યો, જેમાં વિવિધ મુદ્દાઓ સાથે સરકારને ઘેરવાની રણનીતિ જોવા મળી.

# ઈ-૫૦ માટે તૈયાર રહો, નવા વાહનો ન ખરીદો, કેજરીવાલ અને અમિત માલવિયા વચ્ચે શાબ્દિક યુધ્ધ

**કોઈ વૈજ્ઞાનિક અભ્યાસ વગર ઈ-૨૦ની જેમ ઈ૫૦ પણ લાગુ કરી દેવાશે : કેજરીવાલ**

નવી દિલ્હી,તા.૦૬

આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલ અને ભાજપના આઈટી સેલના વડા અમિત માલવિયા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ છે. કેજરીવાલે



દાવો કર્યો કે સરકાર પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધારીને ૫૦ ટકા (ઈ૫૦) કરવાની યોજના બનાવી રહી છે. તેમણે લોકોને હાલ નવા પેટ્રોલ અને ડીઝલ વાહનો ન ખરીદવા અપીલ કરી હતી. કેજરીવાલે આરોપ લગાવ્યો કે કોઈ વૈજ્ઞાનિક અભ્યાસ વગર ઈ૨૦ ની જેમ ઈ૫૦ પણ લાગુ કરી દેવાશે.

સામે પક્ષે અમિત માલવિયાએ આ આરોપોને ફગાવતા જણાવ્યું કે સરકારે ઈ૨૦ થી આગળ મિશ્રણ વધારવાનો કોઈ નિર્ણય લીધો નથી. તેમણે કેજરીવાલ પર ખોટી માહિતી અને ડર ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો.

# યુપીના ઝાંસીમાં કારનો અકસ્માત થતા અતીક અહેમદના પુત્ર અબાનનું મોત

કાનપુર, તા.૦૬

ઉત્તર પ્રદેશના ઝાંસી-કાનપુર હાઈવે પર થયેલા માર્ગ અકસ્માતમાં માફિયા અતીક અહેમદના નાના પુત્ર અબાન અહેમદ (૨૧)નું મોત થયું છે. અબાન પોતાના મોટા ભાઈને મળવા પ્રયાગરાજથી ઝાંસી જતો હતો ત્યારે તેની કાર હાઈવે પર એક પ્રાણીથી બચવાનો પ્રયાસ કરતી વખતે કાબૂ ગુમાવી ડિવાઈડર સાથે અથડાઈ હતી. અકસ્માતમાં અબાન અને તેનો મિત્ર સોનુનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ઓમર અહેમદ, મોહમ્મદ ઝૈદ અને અસલમ ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમને મહારાણી લક્ષ્મીબાઈ મેડિકલ કોલેજમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે અતીક અહેમદના પુત્ર અસદનું વર્ષ ૨૦૨૩માં પોલીસ એન્કાઉન્ટરમાં મોત થયું હતું.

# યોગી સરકારે ૨૦૧૬નું મદરેસા પગાર બિલ ઔપચારિક રીતે પાછું ખેંચ્યું

ઉત્તર પ્રદેશ, તા.૦૬

ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે સમાજવાદી પાર્ટીના શાસન દરમિયાન વર્ષ ૨૦૧૬માં પસાર થયેલું ઉત્તર પ્રદેશ મદરેસા (શિક્ષકો અને અન્ય કર્મચારીઓને પગાર ચુકવણી) બિલ ઔપચારિક રીતે પાછું ખેંચવાનો નિર્ણય કર્યો છે. સરકારનું કહેવું છે કે બિલની કેટલીક જોગવાઈઓ ભારતીય બંધારણના



સમાનતાના સિધ્ધાંત સાથે સુસંગત નથી. આ બિલ વિધાનસભા અને વિધાન પરિષદમાંથી પસાર થયું હતું, પરંતુ તત્કાલીન રાજ્યપાલે બંધારણીય વાંધાઓને કારણે તેને રાષ્ટ્રપતિની મંજૂરી માટે અનામત રાખ્યું હતું. રાષ્ટ્રપતિની સંમતિ ન મળતાં બિલ ક્યારેય કાયદો બની શક્યું નહોતું.

હવે યોગી સરકારે આ બિલને સંપૂર્ણપણે પરત ખેંચી કાયદાકીય પ્રક્રિયાનો અંત લાવ્યો છે. સરકારનું માનવું છે કે કોઈ એક વર્ગને વિશેષ કાનૂની સુરક્ષા આપતી જોગવાઈઓ બંધારણની કલમ ૧૪ હેઠળના સમાનતાના અધિકાર સાથે સુસંગત નથી. તેથી તમામ વર્ગોને સમાન લાભ મળે તેવી નીતિ અપનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# મહારાષ્ટ્રમાં રેસિડેન્ટ ડોક્ટરોની અનિશ્ચિત હડતાળ શરૂ, 'નો સીસીએમપી'ની માંગ

મુંબઈ, તા.૦૬

મહારાષ્ટ્ર એસોસિએશન ઓફ રેસિડેન્ટ ડોક્ટર્સ (MARD)એ હોમિયોપેથી ડોક્ટરોને સર્ટિફિકેટ કોર્સ ઈન મોડર્ન ફાર્માકોલોજી (CCMP) હેઠળ એલોપેથી દવાઓ લખવાની મંજૂરીના નિર્ણયના વિરોધમાં અનિશ્ચિત સમય માટે હડતાળ શરૂ કરી છે. શરૂઆતમાં ૨૪ કલાકની હડતાળ હવે અનિશ્ચિત સમય સુધી લંબાવવામાં આવી છે, જેને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)નું પણ સમર્થન મળ્યું છે. મુંબઈના આઝાદ મેદાનમાં ડોક્ટરોએ 'નો સીસીએમપી'ના નારા સાથે વિરોધ પ્રદર્શન કર્યું. ડોક્ટરોનું કહેવું છે કે ૯૦ દિવસના કોર્સના આધારે હોમિયોપેથી તબીબોને એલોપેથી પ્રેક્ટિસની મંજૂરી આપવી દર્દીઓની સલામતી માટે જોખમી છે. જોકે, હાલ ઈમરજન્સી અને દાખલ દર્દીઓની સારવાર યથાવત રાખવામાં આવી છે. બોમ્બે હાઈકોર્ટે પણ આ મુદ્દે સુઓમોટો નોંધ લઈ સંબંધિત પક્ષોને નોટિસ ફટકારી છે.

# પ્રયાગરાજમાં પરવાનગી રદ કરી હોવા છતાં રાહુલ ગાંધીનો કાર્યક્રમ યોજવા કોંગ્રેસ મક્કમ

નવી દિલ્હી, તા.૦૬

પ્રયાગરાજમાં ૮ ઓગસ્ટે યોજાનારા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના પ્રસ્તાવિત 'છાત્રોં કી ગૂંજ' કાર્યક્રમને લઈને અનિશ્ચિતતા યથાવત છે. કેપી ટ્રસ્ટે અલ્હાબાદ હાઈકોર્ટના અગાઉના આદેશ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને કાર્યક્રમ માટે આપવામાં આવેલી પરવાનગી પાછી ખેંચી લીધી છે. તેમ છતાં કોંગ્રેસે




કાર્યક્રમ નિર્ધારિત સમય મુજબ જ યોજવાનો દૃઢ નિર્ધાર વ્યક્ત કર્યો છે. કોંગ્રેસના નેતા પવન ખેરાએ આરોપ લગાવ્યો કે ભાજપ રાહુલ ગાંધીથી ડરે છે અને તેથી કાર્યક્રમમાં અવરોધ ઊભો કરવાનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ કહ્યું કે, "તેઓ શેનાથી ડરે છે તે સમજાતું નથી." કેપી કોલેજ મેનેજમેન્ટે જણાવ્યું કે કાર્યક્રમથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં વિક્ષેપ પડશે તેમજ વરસાદને કારણે રમતગમતના મેદાનને નુકસાન થવાની શક્યતા છે. તેથી અગાઉ આપવામાં આવેલી મંજૂરી રદ કરવામાં આવી છે અને કોંગ્રેસને રજાઓ અથવા વરસાદ બાદ નવી તારીખ નક્કી કરવાની સલાહ આપવામાં આવી છે.

# દિલ્હી-ગુરુગ્રામમાં ધોધમાર વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત, રસ્તાઓ નદી બન્યા હોવાના દૃશ્યો

નવી દિલ્હી, તા. ૦૬

દિલ્હી અને એનસીઆરમાં ગુરુવારે પડેલા ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું. દિલ્હી, ગુરુગ્રામ, નોઈડા અને ગાઝિયાબાદના અનેક વિસ્તારોમાં પાણી ભરાતા મુખ્ય માર્ગો પર લાંબા ટ્રાફિક જામ સર્જાયા હતા. ધૌલા કુઆન, રાજોકરી ફ્લાયઓવર, કાલિંદી કુંજ, દિલ્હી-મેરઠ એક્સપ્રેસવે, ગ્રીન પાર્ક, એઈમ્સ



અને જેએનયુ ગેટ સહિતના વિસ્તારોમાં વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. અનેક મુસાફરોને સામાન્ય કરતાં બમણો સમય મુસાફરીમાં લાગ્યો હતો. શાસ્ત્રી પાર્ક, સૈનિક ફાર્મ્સ અને રોહતક રોડ સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી દુકાનો અને રસ્તાઓમાં ઘૂસી જતા સ્થાનિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ગુરુગ્રામમાં મેદાંતા હોસ્પિટલથી એનએચ-૪૮ તરફનો અંડરપાસ પાણીમાં ગરકાવ થતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. ભારત હવામાન વિભાગ (IMD)એ દિલ્હી, નોઈડા અને ગાઝિયાબાદ માટે ઓરેન્જ એલર્ટ તથા ગુરુગ્રામ અને ફરીદાબાદ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે.

# સુપ્રીમ કોર્ટે આસારામ બાપુને વચગાળાના જામીન આપવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો

નવી દિલ્હી, તા.૦૬

સુપ્રીમ કોર્ટે જોધપુરના સગીર બાળકી પર બળાત્કાર કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામ બાપુને તબીબી કારણોસર વચગાળાના જામીન આપવાનો ઈનકાર કર્યો છે. જોકે કોર્ટે સ્પષ્ટ કર્યું કે જો તેમની તબિયત વધુ બગડે તો તેઓ ફરીથી અરજી કરી શકશે. AIIMSના મેડિકલ રિપોર્ટમાં જણાવાયું છે કે



આસારામને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર નથી, પરંતુ ૨૪ કલાક તબીબી દેખરેખ જરૂરી છે. રાજસ્થાન સરકારે દલીલ કરી હતી કે આસારામને તમામ જરૂરી સારવાર મળી રહી છે અને તેઓ હાલ હાઈકોર્ટ દ્વારા મંજૂર કરાયેલા ૨૦ દિવસના પેરોલ પર છે.

# લખીમપુર ખેરી હિંસા કેસના આરોપીના પેરોલ લંબાવવા સુપ્રિમ કોર્ટનો ઈન્કાર

નવી દિલ્હી,તા.૦૬

સુપ્રીમ કોર્ટે ૨૦૨૧ના લખીમપુર ખેરી હિંસા કેસના મુખ્ય આરોપી આશિષ મિશ્રાની જામીનની શરતોમાં વધુ છૂટછાટ આપવાનો ઈનકાર કર્યો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે તેમની અરજી ફગાવી દીધી હતી. આશિષ મિશ્રાના વકીલે દલીલ કરી હતી કે હાલની શરતોને કારણે તેઓ પુત્રીઓના જન્મદિવસ સહિતના કૌટુંબિક કાર્યક્રમોમાં હાજરી આપી શકતા નથી. જોકે કોર્ટે આ દલીલ સ્વીકારી નહોતી. વર્ષ ૨૦૨૧માં લખીમપુર ખેરીના ટિકુનિયામાં થયેલી હિંસામાં ચાર ખેડૂતો સહિત કુલ આઠ લોકોનાં મોત થયા હતા. આ કેસમાં આશિષ મિશ્રા મુખ્ય આરોપી છે અને હાલ જામીન પર છે, પરંતુ સુપ્રીમ કોર્ટે જામીનની શરતોમાં વધુ રાહત આપવાનો ઈનકાર કર્યો છે.

# દિલ્હીના તમામ પોલીસ સ્ટેશનોમાં સેનિટરી પેડ વેન્ડિંગ મશીનોનો સર્વે થશે

નવી દિલ્હી, તા.૦૬

દિલ્હી હાઈકોર્ટે મહિલા પોલીસ કર્મચારીઓ માટે પોલીસ સ્ટેશનોમાં સ્વચ્છતા સુવિધાના અભાવ અંગે દિલ્હી પોલીસને નોટિસ ફટકારી છે. કોર્ટે પોલીસ કમિશનરને છ અઠવાડિયામાં તમામ પોલીસ સ્ટેશનોનો સર્વે કરીને સેનિટરી પેડ વેન્ડિંગ મશીનો ઉપલબ્ધ છે કે નહીં અને કાર્યરત છે



કે નહીં તેની માહિતી રજૂ કરવાનો આદેશ આપ્યો છે. સાથે જ સુવિધાઓ સુધારવા માટે લેવામાં આવનારા પગલાં અંગે સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા પણ નિર્દેશ આપ્યો છે. કેસની આગામી સુનાવણી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ થશે.

# પૂર્વ પીએમ શેખ હસીનાના વર્ચ્યુઅલ મીડિયા સંબોધનથી બાંગ્લાદેશના પેટમાં તેલ રેડાયુ

ઢાકા, તા.૦૬

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના દિલ્હીથી યોજાયેલા વર્ચ્યુઅલ મીડિયા સંબોધન બાદ ઢાકાએ કડક નારાજગી વ્યક્ત કરી છે. બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા પર નિવેદન જાહેર કરીને જણાવ્યું કે આ ઘટનાથી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને સુધારવાના પ્રયાસો પર નકારાત્મક અસર પડી શકે છે. જોકે, ભારતે



સ્પષ્ટ કર્યું છે કે આ કાર્યક્રમ એક ખાનગી મીડિયા સંસ્થા દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો અને તેમાં ભારત સરકારની કોઈ ભૂમિકા નહોતી.

બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે આરોપ લગાવ્યો કે શેખ હસીનાને ભારતમાંથી જાહેર સંબોધનની મંજૂરી આપવી તેમની સાર્વભૌમત્વની ભાવનાને ઠેસ પહોંચાડે છે. બીજી તરફ, શેખ હસીનાએ પોતાના સંબોધનમાં ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે તેમનો હેતુ સત્તા નહીં, પરંતુ દેશને વિકાસ, ધર્મનિરપેક્ષતા અને સમૃધ્ધિના માર્ગ પર પાછો લાવવાનો છે. તેમણે ભારતને બાંગ્લાદેશનો નજીકનો મિત્ર પણ ગણાવ્યો.

# 'બાંગ્લાદેશ ભારત માટે બીજું પાકિસ્તાન બની રહ્યું છે' : સજીબ વાઝેદે કર્યો દાવો

ઢાકા, તા.૦૬


બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પુત્ર સજીબ વાઝેદે ભારતની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરતાં દાવો કર્યો કે બાંગ્લાદેશ ભારતની પૂર્વીય સરહદ પર "બીજું પાકિસ્તાન" બની રહ્યું છે. દિલ્હીમાં મીડિયા સાથેની વર્ચ્યુઅલ વાતચીત દરમિયાન તેમણે આરોપ લગાવ્યો કે ઓગસ્ટ ૨૦૨૪ બાદ બાંગ્લાદેશમાં રાજકીય



હત્યાઓને કાનૂની રક્ષણ મળ્યું છે અને દેશમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ગંભીર બની છે. તેમણે વિદેશી ગુપ્તચર એજન્સીઓ અને ઉગ્રવાદી સંગઠનોની વધતી પ્રવૃત્તિઓ અંગે પણ ચિંતા વ્યક્ત કરી. સજીબ વાઝેદે સંયુક્ત રાષ્ટ્રના મૃત્યુઆંક અંગે પણ પ્રશ્નો ઉઠાવતાં જણાવ્યું કે આંકડાઓ અંગે હજુ સ્પષ્ટતા કરવામાં આવી નથી. બીજી તરફ, શેખ હસીનાએ પોતાના સંબોધનમાં ડિસેમ્બર દરમિયાન બાંગ્લાદેશ પરત ફરવાની ઈચ્છા વ્યક્ત કરતાં કહ્યું કે તેમનો હેતુ સત્તા મેળવવાનો નહીં, પરંતુ દેશને વિકાસ અને ધર્મનિરપેક્ષતાના માર્ગ પર પાછો લાવવાનો છે. તેમણે ભારતને બાંગ્લાદેશનો નજીકનો મિત્ર પણ ગણાવ્યો.

# રાજયમાં ચાંદીપુરા વાયરસના ૧૮૪ શંકાસ્પદ કેસ, ૨૨ બાળકોના થયા મોત

અમદાવાદ,તા.૦૬



ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના કેસોમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. અત્યાર સુધીમાં રાજ્યમાં આ વાયરસના ૧૮૪ શંકાસ્પદ કેસ સામે આવ્યા છે, જેમાંથી લેબોરેટરી ટેસ્ટમાં ૭ દર્દીઓ પોઝિટિવ મળ્યા છે. આ ગંભીર સંક્રમણને કારણે ૨૨ માસૂમ બાળકોના દર્દનાક મોત થતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. તમામ અસરગ્રસ્ત દર્દીઓ હાલ હોસ્પિટલોમાં નિષ્ણાત ડોક્ટરોની દેખરેખ હેઠળ સારવાર હેઠળ છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. સંક્રમણ રોકવા માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરે-ઘરે સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવી છે અને હોસ્પિટલોમાં જરૂરી દવાઓ તથા વેન્ટિલેટરની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

આ વાયરસ મુખ્યત્વે ૧૫ વર્ષથી નાની વયના બાળકોને લક્ષ્ય બનાવે છે અને સેન્ડફ્લાય (રેતીની માખી)ના કરડવાથી ફેલાય છે. અચાનક તીવ્ર તાવ, ઉલટી, ઝાડા અને આંચકી આવવી તેના મુખ્ય લક્ષણો છે. આરોગ્ય વિભાગે નાગરિકોને ઘરોમાં કીટાણુનાશક છંટકાવ કરવા, બાળકોને આખા શરીરના કપડાં પહેરાવવા અને લક્ષણો જણાતાં જ ત્વરિત તબીબી સારવાર લેવા અપીલ કરી છે.

# રાજયના અનેક જિલ્લાઓમાં ૧૨ ઓગસ્ટ બાદ વરસાદનું જોર વધવાની શક્યતા

અમદાવાદ,તા.૦૬



ગુજરાતમાં હાલ ચોમાસું સ્થિર ગતિએ આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ ૧૧ ઓગસ્ટ સુધી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં ચાલુ રહેશે. સુરત, અમદાવાદ, રાજકોટ અને કચ્છ સહિત વિવિધ જિલ્લાઓમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ જળવાઈ રહેશે.

જોકે, ૧૨થી ૧૫ ઓગસ્ટ દરમિયાન વરસાદનું પ્રમાણ વધવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. ખાસ કરીને મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની સ્થિતિ સર્જાઈ શકે છે.

મુખ્ય ચોમાસાની પટ્ટી ઉત્તર તરફ ખસવા તેમજ અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થવાથી ભેજનું પ્રમાણ વધ્યું છે. અમદાવાદમાં પણ હળવાથી મધ્યમ વરસાદ સાથે વાદળછાયું વાતાવરણ રહેશે.


# સુરતના પાસોદરામાં સેક્સ રેકેટનો પર્દાફાશ, સગા ભાઈ-બહેન ઝડપાયા

સુરત,તા.૦૬

સુરતના પાસોદરા વિસ્તારમાં આવેલા ઓમ ટાઉનશીપના એક ફ્લેટમાં મસાજ પાર્લરની આડમાં ચાલતા સેક્સ રેકેટનો પોલીસે પર્દાફાશ કર્યો છે. લસકાણા પોલીસને મળેલી બાતમીના આધારે ફ્લેટમાં દરોડો પાડવામાં આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન સગા ભાઈ-બહેન સહિત ત્રણ સંચાલકોની ધરપકડ કરવામાં આવી હતી. ફ્લેટમાંથી બે મહિલાઓ તેમજ બે વિદ્યાર્થી ગ્રાહકો પણ મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી જરૂરી પુરાવા કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં પકડાયેલા ભાઈ-બહેનનો અન્ય એક ભાઈ આમ આદમી પાર્ટીનો કાર્યકર હોવાની માહિતી સામે આવી હોવાનું પોલીસે જણાવ્યું છે. સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી આગળ વધારવામાં આવી રહી છે.

# અમદાવાદના હંસપુરા વિસ્તારના સ્પામાં યુવકની હત્યા, CCTVમાં ઘટના કેદ થઈ

અમદાવાદ,તા.૦૬



અમદાવાદના હંસપુરા વિસ્તારમાં સરદાર પટેલ રિંગ રોડ પર આવેલા વિશાલા એમ્પાયર બિલ્ડિંગના ક્રિશા સ્પામાં દશરથ મીણા નામના યુવકની હત્યાની ઘટના સામે આવી છે. પોલીસના જણાવ્યા મુજબ પાંચ શખસ સ્પામાં ઘૂસી આવ્યા હતા અને મહિલાની હાજરીમાં દશરથ સાથે ઉગ્ર બોલાચાલી કર્યા બાદ તેને ઢોર માર માર્યો હતો. ત્યારબાદ આરોપીઓએ તેને ચોથા માળની બારીમાંથી નીચે ફેંકી દેતા તેનું મોત થયું હતું. હુમલાખોરોએ સ્પામાં તોડફોડ પણ કરી હતી. સમગ્ર ઘટના ત્યાં લાગેલા ઝઝ્ફ કેમેરામાં કેદ થઈ છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઓઢવ વિસ્તારમાં એક સ્પામાં થયેલી પોલીસ રેડની બાતમી આપવાની અદાવતમાં આરોપીઓ હુમલો કરવા આવ્યા હતા. ઘટનાની જાણ થતાં નરોડા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી, ગુનો નોંધી તપાસ શરૂ કરી છે અને ફરાર આરોપીઓને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગર જિલ્લા જેલમાં કેદીનો સિપાઈ પર હુમલો, ફરિયાદ નોંધાઈ

ભાવનગર,તા.૦૬

ભાવનગર જિલ્લા જેલમાં ફરજ બજાવતા સિપાઈ પર કાચા કામના એક કેદીએ હુમલો કરતા જેલ તંત્રમાં ચકચાર મચી છે. ઘોઘાના સાણોદર ગામના દિગ્વિજયસિંહ ગોહિલ પર ફરજ દરમિયાન કેદી ચિરાગ બિપિન મકવાણાએ અચાનક હુમલો કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. અગાઉ બેરેકમાં જવા મુદ્દે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી, જેની દાઝ રાખી કેદીએ એકલતાનો લાભ લઈ હુમલો કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. હુમલામાં સિપાઈને ઈજા પહોંચતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હુમલા દરમિયાન સરકારી ફરજમાં અડચણ ઉભી કરી કેદીએ જોઈ લેવાની ધમકી પણ આપી હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતના ભેસ્તાનમાં સૂર્યા મરાઠી હત્યા કેસના આરોપી સતીશ મરાઠાની જાહેરમાં હત્યા

સુરત,તા.૦૬



સુરતમાં ફરી એકવાર ગેંગવોરનો લોહિયાળ બનાવ સામે આવ્યો છે. ભેસ્તાનના ભીમનગર વિસ્તારમાં વર્ષ ૨૦૨૦ના કુખ્યાત સૂર્યા મરાઠી મર્ડર કેસના આરોપી સતીશ મરાઠા ઉર્ફે સત્યાની જાહેરમાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી અને ફાયરિંગ કરીને હત્યા કરવામાં આવી છે. ઘટના સમયે સતીશ પોતાની કારમાં મહિલા મિત્ર સાથે બેઠો હતો ત્યારે પાંચથી સાત જેટલા હુમલાખોરોએ તેને ઘેરી લીધો હતો.

જીવ બચાવવા ભાગેલા સતીશ પર હુમલાખોરોએ તીક્ષ્ણ હથિયારથી ગંભીર ઘા ઝીંકતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસ અનુસાર, આ હત્યા જૂની અદાવતનું પરિણામ હોવાનું મનાઈ રહ્યું છે. ૨૦૨૫માં જેલમાંથી બહાર આવેલા સતીશની હત્યામાં ગોડાદરાના આકાશ ઉર્ફે બટકા તેમજ અન્ય શખ્સોની સંડોવણી સામે આવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમા પત્નીને માર મારતા નશેડી પિતાનું સગીર પુત્રે ગળું દબાવતાં મોત

રાજકોટ,તા.૦૬



રાજકોટના કણકોટ ગામ નજીક સરદારધામની નિર્માણાધીન સાઈટ પર રહેતા શ્રમિક પરિવારમાં એક હચમચાવતી ઘટના સામે આવી છે. મૂળ મધ્યપ્રદેશના વતની ૪૦ વર્ષીય ભરતસિંગ ડામોર નશાની હાલતમાં પોતાની પત્ની સાથે મારપીટ કરી રહ્યા હતા. માતાને પિતાના અત્યાચારથી બચાવવા વચ્ચે પડેલા સગીર પુત્ર અને પિતા વચ્ચે ઉગ્ર ઝપાઝપી થઈ હતી, જેમાં સગીર પુત્રે ભરતસિંગનું ગળું દબાવી દેતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૃતક ભરતસિંગ કોઈ નિયમિત કામધંધો કરતો ન હતો. તે પત્ની અને પુત્રની મજૂરીની કમાણીમાંથી પૈસા લેવા મધ્યપ્રદેશથી રાજકોટ આવ્યો હતો. બનાવની જાણ થતાં જ તાલુકા પોલીસે ઘટનાસ્થળે પહોંચી સગીર પુત્રને સકંજામાં લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તેમજ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં લગ્નની જીદ કરતી ૪૫ વર્ષની પ્રેમિકાની ૨૫ વર્ષના પ્રેમીએ કરી હત્યા

રાજકોટ,તા.૦૬




રાજકોટના ગુંદાળા ફાટક નજીક ૪૫ વર્ષીય પરિણીત મહિલા મંજુબેનનો મૃતદેહ મળી આવતાં શરૂઆતમાં અકસ્માત માનવામાં આવતો કેસ હત્યાનો હોવાનું બહાર આવ્યું છે. મૃતકની દીકરી પાયલની શંકાના આધારે રાજકોટ રેલવે પોલીસે તપાસ હાથ ધરી ૨૫ વર્ષીય પ્રેમી પ્રકાશ સોલંકીને ઝડપી લીધો હતો.

પોલીસ પૂછપરછ દરમિયાન આરોપી પ્રકાશે કબૂલાત કરી હતી કે તેનાથી ૨૦ વર્ષ મોટી પ્રેમિકા મંજુબેન વારંવાર લગ્ન કરવા માટે દબાણ કરતી હતી. આ મુદ્દે સતત થતા ઝઘડાથી કંટાળીને તેણે પ્રેમિકાને ચાલુ ટ્રેન સાથે અથડાવી મોતને ઘાટ ઉતારી હતી અને બનાવને અકસ્માતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ કાયદેસરની તપાસ શરૂ કરી છે.

# અમદાવાદમાં રૂ.૧.૫૬ કરોડની ઠગાઈ કેસનો માસ્ટરમાઈન્ડ સુરતથી ઝડપાયો


અમદાવાદ,તા.૦૬

અમદાવાદમાં રૂ.૧.૫૬ કરોડની આર્થિક ઠગાઈના કેસમાં એલિસબ્રિજ પોલીસ અને એલસીબીએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને મુખ્ય આરોપી નિખિલ ખલાસને સુરતના કતારગામથી ઝડપી પાડ્યો છે. આરોપી કંપનીમાં હેડ ઓફ સપોર્ટ તરીકે ફરજ બજાવતો હતો અને તેણે નોકરી દરમિયાન મળેલા એડમિન રાઈટ્સનો ગેરઉપયોગ કરી કંપની સિસ્ટમમાંથી કરોડો રૂપિયાની ઉચાપત આચરી હતી.

પોલીસે કાર્યવાહી કરીને અત્યાર સુધીમાં રૂ.૬૧.૪૪ લાખની રકમ ફ્રીઝ કરાવી છે. આ ઉપરાંત આરોપી પાસેથી ૩ મોબાઈલ ફોન અને ૧ લેપટોપ જપ્ત કરી ફોરેન્સિક તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે. પોલીસ હાલ આ કૌભાંડમાં અન્ય લોકોની સંડોવણી અંગે વધુ તપાસ ચલાવી રહી છે.

# અમદાવાદમાં ૯ ફૂટથી વધુ ઊંચી માટીની ગણેશ મૂર્તિ પર પ્રતિબંધ

અમદાવાદ,તા.૦૬



અમદાવાદમાં આગામી ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થનારા ગણેશ મહોત્સવ માટે પોલીસ કમિશનરે મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડ્યું છે. કાયદો-વ્યવસ્થાની જાળવણી અને પર્યાવરણના રક્ષણ માટે શહેરભરમાં ૯ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતી માટીની અને ૫ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતી પીઓપીની મૂર્તિઓ સ્થાપિત કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાયો છે.

જાહેરનામામાં કેમિકલયુક્ત રંગોના ઉપયોગ પર રોક લગાવી માત્ર પર્યાવરણમૈત્રી રંગો વાપરવાની આકરા સૂચના આપવામાં આવી છે. શહેરમાં અંદાજે ૧૦૦૦ જેટલા પંડાલોમાં ગણેશ સ્થાપના થનાર હોવાથી ટ્રાફિક વ્યવસ્થા અને સુરક્ષા માટે પોલીસ તંત્ર સતર્ક રહેશે. પોલીસે આયોજકો અને કારીગરોને આ તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અને ધાર્મિક ઉત્સવને પર્યાવરણ અનુકૂળ રીતે ઉજવવા અપીલ કરી છે.

# છત્રાલ GIDCમાં નકલી ઘી બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ, રૂ. ૧.૬૭ કરોડનો જથ્થો જપ્ત

ગાંધીનગર, તા.૦૬

ગાંધીનગર રેન્જ પોલીસે છત્રાલ GIDCમાં આવેલી ‘હેપી ઓઈલ ઈન્ડસ્ટ્રી’ નામની ફેક્ટરી પર દરોડો પાડી નકલી ઘી બનાવવાના મોટો કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પોલીસે સ્થળ પરથી રૂ. ૧.૬૭ કરોડની કિંમતનો શંકાસ્પદ પામ ઓઈલ અને કેમિકલનો જથ્થો જપ્ત કર્યો છે. તપાસમાં સામે આવ્યું છે કે ફેક્ટરીમાં પામ ઓઈલમાં કેમિકલ્સ ઉમેરી આશરે ૩૦ હજાર લીટર જથ્થો વેપારીઓને સપ્લાય કરાતો હતો, જે બજારમાં દેશી ઘી તરીકે વેચાતો હતો.

આ મામલે ફેક્ટરીના સંચાલક જનકકુમાર ભાવસાર સામે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. આ આરોપી સામે ૨૦૨૪માં પણ ભેળસેળનો ગુનો નોંધાયો હતો. એફએસએલ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે સેમ્પલ લઈને લેબમાં મોકલ્યા છે. પોલીસે નકલી ઘીના સપ્લાય ચેઈન સાથે જોડાયેલા અન્ય વેપારીઓની શોધખોળ શરૂ કરી છે.

# ગાંધીનગરના ચિલોડામાં ૪ વર્ષની બાળા પર સગા પિતાએ દુષ્કર્મ આચરતા ફીટકાર

ગાંધીનગર,તા.૦૬



પાટનગર ગાંધીનગરના ચિલોડા વિસ્તારમાં માનવતાને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. પતિ-પત્ની વચ્ચેના અણબનાવને કારણે માતા પિયર ગઈ હતી, જ્યાંથી પિતા પોતાની ૪ વર્ષની માસૂમ દીકરીને ઘરે લઈ આવ્યો હતો. ઘરે લાવ્યા બાદ નરાધમ પિતાએ માસૂમ બાળકી પર દુષ્કર્મ આચર્યું હતું.

સવારે બાળકીના ગુપ્તાંગમાંથી લોહી નીકળતાં ઘટનાનો પર્દાફાશ થયો હતો. બાળકીને ત્વરિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાંથી પોલીસને જાણ કરવામાં આવી હતી. દહેગામ ડિવિઝનના એએસપી આયુષ જૈનના જણાવ્યા મુજબ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપી પિતા સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી અટકાયત કરી લીધી છે. હાલ બાળકીની તબિયત સુધારા પર અને સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

